Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ – સંચાલિત

વર્ષ ૨૯ મું
અંક ૩ જો
સં. ૨૦૪૬
સન ૧૯૮૯
ડિસેમ્બર


# પથિક

તંત્રી-મંડળ :
પ્રો. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

## દીપોત્સવી અંક – પૂર્તિ

ઉમા-મહેશ્વર (ખંભાત)



(ડૉ. જે. પી. અમીનના સૌજન્યથી)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[અનુસંધાન પૃ. ૨નું ચાલુ]

## માણસિયા ખાચર (બીજાના)

| | |
|---|---|
| ૧. વીકા ખાચર ૨જો | ઓઢા ખાચર |
| (જસદણની ગાદીના સ્થાપક | ૩. વાજસૂર ખાચર (ઈ.સ. ૧૮૦૯ મૃ.) |
| ઈ.સ. ૧૬૬૫–૧૬૮૫) | ૪. ચેલા (૧૮૦૯–૧૮૫૧) |
| ↓ | ૫. આલા (બીજો) (૧૮૫૧–૧૯૦૪) |
| ૨. આલા ખાચર ૧લો | ૬. ઓઢા (૧૯૦૪–૧૯૧૨) |
| | ૭. વાજસૂર (૧૯૧૩–૧૯૨૫) |
| | ૮. આલા ખાચર-૩ (૧૯૨૫–૪૮) |

આ વંશાવળી જેઠમલ સ્વામી-રચિત "જસદણના મરહુમ દરબાર શ્રી આલા ખાચર સાહેબનું જીવનચરિત્ર"ના આધારે તથા 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', ગ્રંથ ૬, પૃ. ૧૪૦ અને ૫૧૮ ના આધારે પ્રો. ડૉ શ્રી મુગટલાલ પો બાવીસીએ તૈયાર કરી છે, પરંતુ આ વંશવૃક્ષમાં વીકા ખાચર પછી આલા ખાચરને બતાવ્યા છે; જ્યારે આધારસ્રોત નં. ૧ અને ૨ માં આલા ખાચરને નહિ, પણ ચેલા ખાચરને બતાવ્યા છે; (જો કે હસમુખભાઈએ વીકા ખાચરને બદલે વાજસૂરનું નામ મૂકી પછી ચેલા ખાચરનો નિર્દેશ કર્યો છે. સ્રોત નં ૨ માં વીકા ખાચર પછી માણસિયાનું મૃત્યુ થવાથી ઓરમાન ભાઈ ચેલો ગાદીએ આવ્યો).

આધારસ્રોત ૧ અને ૨ માં ચેલા ખાચર પછી ઓઢાનો ક્રમ આવે છે, જ્યારે આધાર ૪ માં ઓઢા ખાચરનો નહિ, પણ એને બદલે વાજસૂર ખાચરનો ક્રમ મૂક્યો છે.

આધાર ૧ અને ૪ માં નિર્દિષ્ટ રાજવીઓના સમયગાળામાં પણ તફાવત જોવા મળે છે; જેમકે આધાર ૧ માં ચેલા ખાચર (૧૮૧૦), ઓઢા ખાચર (૧૯૧૩) વાજસૂર ખાચર (૧૯૧૯) વિશે જે વર્ષ આપ્યાં છે તે ૪ માં અનુક્રમે ૧૮૦૯, ૧૯૧૨ અને ૧૯૨૫ છે.

(૫) "ભારત રાજ્ય મંડળ" માં "નાનાં રાજ્યો" નામના વિભાગમાં 'જસદણના રાજવીઓની હકીકત આધાર ૨ની સાથે સામ્ય ધરાવે છે.

(૬) 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ-૬ માં જસદણનો ખાચરવંશ :
"૧. વીકો, ૨. માણસિયો, ૩. ચેલો, (૪) ઓઢો ૫. વાજસૂર" એ પ્રમાણે આપેલ છે, અર્થાત્ એ આધાર ૨ સાથે મળતો આવે છે. આધાર ૬ પરથી આધાર ૪ તૈયાર કરતી વખતે માણસિયા ચેલા અને ઓઢાનાં નામ ઉલ્લેખ પામ્યાં નથી. આ બધું જોતાં, જસદણના કાઠી રાજવંશ–ગાદીપતિઓનો ક્રમ આ પ્રમાણે ગોઠવી શકાય : સ્થાપનાના પ્રારંભથી (૧) વીકો, (૨) માણસિયો, (૩) ચેલો ખાચર ૧, (૪) ઓઢો, (૫) વાજસૂર, (૬) ચેલો, (૭) આલો, (૮) ઓઢો, (૯) વાજસૂર, (૧૦) આલો ખાચર—ભારત આઝાદ થયું ત્યાંસુધી.

ડે. ૨૫, જયમહાદેવનગર, જંબુસર–૩૯૨૧૫૦ (જિ. ભરૂચ)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જસદણના કાઠી રાજવંશની વંશાવળી : તુલનાત્મક નોંધ

— પ્રો. બિપિનચંદ્ર ર. ત્રિવેદી

હમણાં 'પથિક'ના ઑગસ્ટ-'૮૯ ના અંકમાં પુસ્તકપ્રાપ્તિની વિગત વાંચી; શ્રી હસમુખભાઈ વ્યાસે લખેલી 'જસદણ - એક પરિચય' પુસ્તિકા મગાવી એના છેડે જસદણના રાજવંશીઓનું તથા એમના કુટુંબીઓનું જે વંશવૃક્ષ આપ્યું તેમાંથી જરૂરી ભાગ આ નોંધ માટે અહીં લીધો છે એ પ્રમાણે આધારો :

**(૧) 'જસદણ - એક પરિચય', લે. હસમુખભાઈ વ્યાસ,** પ્ર આ. ૧૯૮૯ : (૧) વાજસુર ખાચર (ઈ.સ ૧૬૬૫, જસદણના સંસ્થાપક) (૨) ચેલા ખાચર, (૩) ઓઢો, (૪) વાજસુર, (૫) ચેલા ખાચર (ઈ.સ. ૧૮૧૦), (૬) આલા ખાચર-૧૯૦૪ સુધી, (૭) ઓઢા ખાચર-અવસાન ૧૯૧૩. (૮) વાજસુર-અવસાન ૧૯૧૯, (૯) આલા ખાચર, (૧૦) શિવરાજકુમાર-જન્મ ૧૯૩૦, (૧૧) સત્યજિતકુમાર.

આમ છતાં આ જ પુસ્તિકામાં પૃ. ૭ પર લખ્યું છે કે "વિકા ખાચરે સર્વ પ્રથમ રોજીદ ગામ જીત્યું અને ત્યાર પછી લગભગ ઈ.સ. ૧૬૬૫માં જસા ખુમાણ પાસેથી જસદણ જીતી લીધું ત્યારથી અર્થાત્ ઈ સ. ૧૬૬૫થી હાલનું જસદણ લાખાણી શાખાના ખાચરોમાં રહ્યું..." આનો અર્થ એ થયો કે ૧૬૬૫માં વાજસુર ખાચર નહિ, પરંતુ વિકા ખાચરે જસદણના કાઠી સંસ્થાનનો પાયો નાખ્યો. શ્રી વ્યાસે આ પુસ્તિકામાં વિશાળ વંશવૃક્ષ આપ્યું છે, પરંતુ એની પ્રાપ્તિનો મૂળ સ્રોત આપ્યો હોત તો આ ઠીક રહેત; જો કે આ વંશવૃક્ષનાં નામ વર્તમાન પેઢીને સમાવિષ્ટ કરી લે છે એ જમા પાસું છે.

**(૨) 'ગુજરાત રાજસ્થાન'** ગ્રંથ(૧૮૮૪)માં જસદણના રાજ્યકર્તાઓનું પેઢીનામું આ રીતે આપ્યું છે (૧) વીકો, (૨) માણસિયો, (૩) ચેલો ખાચર પહેલો, (૪) ઓઢો, (૫) વાજસુર (ઈ.સ. ૧૮૧૦ સુધી), (૬) ચેલો, (૭) આલો. આ ગ્રંથ ઈ.સ. ૧૮૮૪ માં પ્રકાશિત થયો હોવાથી એમાં એ વર્ષ પછીનાં નામ નથી, પરંતુ આ ગ્રંથમાં પણ લાખા ખાચરના પૌત્ર **વીકા ખાચરને** જ જસદણ રાજ્યના સંસ્થાપક ગણાવાયા છે. વીકા ખાચરનું મૃત્યુ ૧૬૮૫ માં થયું. મોટો કુંવર વાલેરો બાળપણમાં મરણ પામ્યો હતો તેથી બીજો કુંવર **માણસિયો ગાદીએ બેઠો.** ખુમાણ કાઠીઓ સાથે લડાઈમાં એનું મૃત્યુ થયું ત્યારે અપુત્ર હોવાથી એના ઓરમાનભાઈ ચેલા ખાચર (પહેલા) ગાદીએ આવ્યા ત્યાર પછી એમનો પુત્ર અને પૌત્ર ગાદીએ આવ્યા

**એટલે વંશાવળીના આધારસ્રોત ૧ ના પ્રારંભનાં બે નામ. સ્રોત નં. ૨ નાં નામો સાથે મળતાં નથી.**

**(૩) 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'** (શંભુપ્રસાદ દેસાઈ) માં પણ ઈ.સ ૧૬૬૫ માં વીકા ખાચરે જસદણ જીત્યું એવો ઉલ્લેખ (પૃ. ૫૭૩ પર) કરેલ છે.

**(૪) ગુજરાતના ઇતિહાસને લગતી વંશાવળીઓ'માં** — (લાખા ખાચર ચોટીલાની ગાદીના સ્થાપક, ત્યારબાદ અનુક્રમે વાલેરા-માણસિયા-વીકા ખાચર બાદ) :

[અનુસંધાન અંદરના મુખપૃષ્ઠ ૩ ઉપર ચાલુ]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ
તંત્રી-મંડળ( ) વાર્ષિક લવાજમ : દેશમાં રૂ.૩૦/-
પ્રો.કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/-, છૂટક રૂ. ૩/-
ર. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત
વર્ષ ૨૯ ] માર્ગ. સં. ૨૦૪૬ : ડિસે., સન ૧૯૮૯ [અંક ૩

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ અત્રે મોકલવી.

• 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ સાહિત્યિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

• પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

• કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

• **કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.**

• 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો–અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

• અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

• નમૂનાના અંકની નકલ માટે ૩–૫૦ ની ટિકિટો મોકલવી.

**મ.ઓ. ડ્રાફ્ટ પત્રો લેખો**
**પથિક કાર્યાલય**, મધુવન, એલિસબ્રિજ **અમદાવાદ-૩૮૦૦૦૬**

## અનુક્રમ

જસદણની કાઠીવંશાવલી — પ્રો. બિપિનચંદ્ર ર. ત્રિવેદી મુ. પૃ. ૨
ગુજરાત ઇતિહાસ પરિષદનું દસમું જ્ઞાનસત્ર — ડૉ. મુગટલાલ બાવીસી ૨
સૌરાષ્ટ્ર–કચ્છ ઇતિહાસ પરિષદનું જૂનાગઢ જ્ઞાનસત્ર — શ્રી. શૈલેશ ધોડા અને ,, નૌતમભાઈ દવે ૫
કૅન્સર : મનુષ્યનો એક ભયંકર રોગ — ,, પ્રભુલાલ કે. વોરા ૭
વીર મુત્સદ્દી લક્ષ્મીદાસ કામદાર — પ્રો. જિતેંદ્ર એન. અંતાણી ૯
પ્રથમપાન (ઐતિ લઘુકથા) — શ્રી. દેવેશ ભટ્ટ ૧૨
કુરબાની (ઐતિ. લઘુકથા) — ,, ઠાકરસી પુ. કંસારા ૧૪
સૌરાષ્ટ્રના કિલ્લા — ડૉ. એસ. વી. જાની ૧૯
સૌરાષ્ટ્રનો ઇતિહાસ અને વિદેશી લેખકો — શ્રી. શંભુપ્રસાદ હ. દેસાઈ ૨૩
ગુજરાતમાં જ્ઞાતિસુધારાની સમસ્યા — ડૉ. રમેશકાંત ગો. પરીખ ૨૬
સમાજમાં નારીનું સ્થાન — કુ. કુસુમ બી. ભગત ૩૦

## વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ પોતાનું કે પોતાની સંસ્થા કૉલેજ યા શાળાનું લવાજમ રૂ. ૩૦/- હજી ન મોકલ્યું હોય તો સત્વર મ.ઓ.થી મોકલી આપવા હાર્દિક વિનંતિ. **સરનામામાં ગોળ વર્તુલમાં પહેલો અંક કયા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ છે.** અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે. અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/–થી અને આજીવન સહાયક રૂ. ૩૦૧/-થી થવાય છે. ભેટ તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ચાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઓ. કે ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦ થી લઈ આવતી વધુ ભેટની રકમ અનામત જ રહે છે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાત ઇતિહાસ પરિષદનું દસમું જ્ઞાનસત્ર

ડૉ. મુગટલાલ બાવીસી

ગુજરાત ઇતિહાસ પરિષદનું દસમું જ્ઞાનસત્ર તા. ૨૩,૨૪ ઑક્ટોબર, ૧૯૮૯ ના રોજ જાણીતા ઇતિહાસવિદ ડૉ. મકરન્દ મહેતાના પ્રમુખપદે શ્રી જહાંગીરજી પેસ્તનજી પારડીવાલા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કિલ્લાપારડી(જિ. વલસાડ)ના ઉપક્રમે યોજાઈ ગયું. અધિવેશનસ્થળને મોટા મંડપથી સજાવવામાં આવ્યું હતું અને એને 'હસમુખ સાંકળિયા નગર' નામ આપવામાં આવ્યું હતું. કિલ્લા-પારડી ઐતિહાસિક સ્થળ છે અને ત્યાં ઈ.સ. ૧૯૫૩ માં થયેલો ઘાસિયા જમીન માટેનો ખેડ-સત્યાગ્રહ સમગ્ર ગુજરાતમાં પ્રસિદ્ધ છે. 'પારડી' શબ્દનો અર્થ "ભગવદ્ગોમંડલ'માં 'દોણી અથવા 'હાલ્લી' આપ્યો છે, જે ગામના નામ સાથે બંધબેસતો નથી, જ્યારે 'પાટડી' શબ્દનો અર્થ 'વાવેતરનો એક ભાગ' આપ્યો છે, એટલે 'પાટડી' શબ્દનો અપભ્રંશ 'પારડી' થયો હોય અથવા અંગ્રેજોએ 'પાટડી'નો ઉચ્ચાર 'પારડી' કર્યો હોય એવો સંભવ છે. દક્ષિણ ગુજરાતમાં 'કિલ્લાપારડી' ઉપરાંત બીજાં પણ કેટલાંક 'પારડી' નામનાં ગામ છે તેથી 'પારડી' શબ્દની સાચી વ્યુત્પત્તિ શોધવી જોઈએ. અમદાવાદ પાસે 'પાલડી' નામનું ગામ (પરું) છે તેની વ્યુત્પત્તિ તો સ્પષ્ટ છે : સં. પદ્રિકા, પ્રા. પલ્લિઆ, ગુ. પાલી, એનું લઘુતાદર્શક રૂપ 'પાલડી.'

તા. ૨૩ મી ઑક્ટોબરે સવારે ૯-૦૦ વાગ્યે આહ્લાદક વાતાવરણમાં ઉદ્ઘાટન-બેઠકની શરૂઆત થઈ. પ્રારંભમાં કૉલેજની બહેનોએ પ્રાર્થના કર્યા પછી સ્વાગત-સમિતિના પ્રમુખ અને પારડી કૉલેજના આચાર્ય ડૉ. ગુણવંતભાઈ જે. દેસાઈએ મહેમાનો સર્વશ્રી રામલાલભાઈ પરીખ, મુકુંદભાઈ ત્રિવેદી નાનુભાઈ શાહ, રમણભાઈ પટેલ, પરિષદપ્રમુખ ડૉ. મકરન્દ મહેતા, ઉપપ્રમુખ ડૉ. મુગટલાલ બાવીસી તથા ડૉ. યતીંદ્ર દીક્ષિત, મંત્રી પ્રા. થૉમસ પરમાર વગેરેનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કર્યું. સ્વાગત-મંત્રી પ્રો. ભાનુભાઈ જોશીએ સંદેશાવાચન કર્યું, જેમાં રાજ્યપાલ શ્રી રામકૃષ્ણ ત્રિવેદી, મુખ્ય મંત્રી શ્રી અમરસિંહ ચૌધરી, નાણા અને શિક્ષણ-મંત્રી શ્રી અરવિંદ સંઘવી, આચાર્ય શ્રી યશવંત શુકલ, પુરુષોત્તમ માવળંકર, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એમ. એન. દેસાઈ, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, પ્રો. કે. કા. શાસ્ત્રી, ડૉ. પ્રવીણચંદ્ર પરીખ, ડૉ. આર. જી. પરીખ, ડૉ. જયન્ત પાઠક, પ્રો. સૂર્યકાંત શાહ, ડૉ. રમણલાલ મહેતા, ડૉ. જી. જે. દેસાઈ(ચીખલી), આચાર્ય સુમંગલમ્, ડૉ. રસેશ શુકલ, ડૉ. એસ. વી. જાની, અરવિંદભાઈ આચાર્ય વગેરેના શુભેચ્છા-સંદેશાઓનો સમાવેશ થતો હતો.

સ્વાગત-પ્રમુખ ડૉ. જી. જે. દેસાઈએ સર્વને આવકાર આપતાં જણાવ્યું કે "પ્રાચીન યુગમાં પારડીથી નાસિક અને ત્યાંથી હિંદના ખૂણે ખૂણે જમીનમાર્ગે વેપાર વિકસ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં નવસારીથી વલસાડ સુધીનો પ્રદેશ 'ગુજરાતનો બગીચો' કહેવાય છે. એ રીતે વલસાડથી વાપીનો પ્રદેશ પણ ચીકુ કેરી અને અન્ય ફળઝાડની વાડીઓથી રળિયામણો બન્યો છે." ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી રામલાલ પરીખે દીપ પ્રગટાવી જ્ઞાનસત્રનું ઉદ્ઘાટન કર્યું. અતિથિવિશેષ અને દ. ગુ. યુનિવર્સિટીના કુલપતિ શ્રી મુકુંદભાઈ ત્રિવેદીએ 'સ્મરણિકા'નું વિમોચન કર્યું. પારડી કૉલેજના માનાર્હ મંત્રી અને સમારંભના પ્રમુખ શ્રી નાનુભાઈ એમ. શાહે ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતા તરફથી યોજાયેલ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું.

શ્રી રામલાલભાઈ પરીખે એમના પ્રવચનમાં જણાવ્યું કે "ઇતિહાસ પ્રભાવક બળ છે. એની સાધનાનું કામ ઘણું કઠણ છે. વિજ્ઞાનનો વિકાસ થતાં હવે સ્થાનિક ઘટનાઓ પણ વૈશ્વિક બની છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇતિહાસના સ્વરૂપ વિશે બહુ ઓછો વિચાર થાય છે. ઇતિહાસ સમક્ષના પડકાર શા છે એનો વિચાર થવો જોઈએ." શ્રી નાનુભાઈ શાહે એમના વક્તવ્યમાં જણાવ્યું કે "પારડીના શૈક્ષણિક વિકાસમાં પારસીઓનો બહુ મોટો ફાળો છે." શ્રી મુકુંદભાઈ ત્રિવેદીએ એમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે "ઇતિહાસના પ્રશ્ન વિચારવા તમે બધા અહીં એકઠા થયા છો એ આનંદની વાત છે. ઇતિહાસની સાથે કેટલાક આર્થિક પ્રશ્નોની ચર્ચા પણ થવી જોઇએ, ઇતિહાસમાં સામાજિક સંદર્ભ પણ હોવો જોઇએ.""

પરિષદમંત્રી પ્રો. થોમસ પરમારે પરિષદની પ્રવૃત્તિઓ તેમ પ્રકાશનો વિશે માહિતી આપી. પરિષદપ્રમુખ ડૉ. મકરન્દ મહેતાએ પારડીમાં જ્ઞાનસત્ર યોજાય છે એ બદલ આનંદ વ્યક્ત કરી લોકો ઇતિહાસમાં શા માટે રસ લે છે એ બાબતની છણાવટ કરી. અંતમાં સ્વાગત-મંત્રી અને પારડી કૉલેજનાં ઇતિહાસનાં અધ્યાપિકા હર્ષાબહેન પટેલે આભારવિધિ કર્યો. કાર્યક્રમનું સંચાલન પ્રો. બાલુભાઈ પટેલે કર્યું હતું.

બપોરના વિરામ પછી પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક મળી. પછી જ્ઞાનસત્રની પ્રથમ બેઠક શરૂ થઈ, જેમાં ચર્ચાનો વિષય હતો "દક્ષિણ ગુજરાતમાં પારસીઓનો વસવાટ અને પ્રસાર, મુઘલ કાલના અંત સુધી". આ વિષય પરનાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. પેરીન દારા ડ્રાઇવરનાં લિખિત મંતવ્ય એમની અનુપસ્થિતિમાં રજૂ થયા બાદ, પારસીઓ સંજાણ બંદરે કઈ સાલમાં આવ્યા અને 'કિસ્સે-ઇ-સંજાણ'માંની વિગતો કેટલે અંશે સાચી છે એ વિશે ચર્ચા થઈ. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ એમના મંતવ્યમાં જણાવ્યું હતું કે "પારસીઓએ પશ્ચિમ ભારતના રાજકીય તથા સાંસ્કૃતિક અભ્યુદયમાં ગણનાપાત્ર ફાળો આપ્યો છે." ડૉ. પેરિન ડ્રાઇવરે જણાવ્યું હતું કે "સુરતના શેઠ રુસ્તમ માણેકના સૌથી નાના પુત્ર નવરોજી શેઠે ઈ.સ. ૧૭૨૩ માં ઇંગ્લૅન્ડની મુલાકાત લીધી હતી. સુરત નગરીમાંથી ઇંગ્લૅન્ડ જનાર એ પહેલા પારસી અને હિંદી હતા.'

બીજી બેઠક બપોરે ૪-૦૦ વાગ્યે શરૂ થઈ, જેનો વિષય હતો 'ગુજરાતમાં હરિજનોના કલ્યાણ માટે થયેલી, પ્રવૃત્તિઓ ઈ.સ. ૧૮૫૦ થી ૧૯૬૦ સુધી.' ડૉ. મકરન્દ મહેતાએ ચર્ચાની શરૂઆત કરતાં અભ્યાસયુક્ત લેખમાં જણાવ્યું કે "સયાજીરાવ ગાયકવાડ અને ખ્રિસ્તી ધર્મપ્રચારકોના નોંધપાત્ર અપવાદોને બાદ કરતાં ૧૯૧૫ માં ગાંધીજી હિંદમાં આવ્યા એ પહેલાં હરિજનકલ્યાણની પ્રવૃત્તિઓ થઈ નહોતી અને હરિજનો ધર્મ સંપ્રદાય અને સમાજ દ્વારા હડધૂત થવા પામ્યા હતા. ખુદ હરિજનોમાં પણ ઉચ્ચ નીચના ભેદભાવ વ્યાપક હતા....૧૯૩૨ બાદ હરિજનોના મંદિર અને શાળા-પ્રવેશની ઝુંબેશ એ સમયના ગાંધીવાદી ઍક્ટિવિસ્ટોએ શરૂ કરી. એમણે આ રીતે લડત માટેનો નવો ચીલો પાડ્યો." આ બેઠક સમાપ્ત થયા પછી પરિષદની સામાન્ય સભા મળી, જેમાં પરિષદના વાર્ષિક અહેવાલ અને હિસાબને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા. રાત્રે સ્થાનિક કૉલેજનાં ભાઇબહેનો તરફથી સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો, જેમાં રાસ ગરબા મિમિક્રી, એકપાત્રી અભિનય, ગીત વગેરેનો સમાવેશ થતો હતો.

બીજે દિવસે તા. ૨૪ મીએ સવારે ૮-૩૦ વાગ્યે શ્રીમતી રંગરાજનની પ્રાર્થના પછી જ્ઞાનસત્રની ત્રીજી બેઠક શરૂ થઈ. ચર્ચાનો વિષય હતો "ગુજરાતના અર્વાચીન ધર્મ-સંપ્રદાયો." આ વિષયના મુખ્ય વક્તા હતા પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ અને અમદાવાદની એચ. કે. આર્ટ્‌સ કૉલેજના આચાર્ય ડૉ. ચીનુભાઈ નાયક. ડૉ. મકરન્દ મહેતાએ વક્તાનો પરિચય આપ્યા પછી ડૉ. ચીનુભાઈ નાયકે એમના ચર્ચાની શરૂઆત કરનાર લેખમાં જણાવ્યું કે "ધર્મ-સંપ્રદાયો એ મનુષ્યની સાંસ્કૃતિક જરૂરિયાતો છે. ધર્મ અને સંપ્રદાય એક જ સિક્કાની બે બાજુ જેવા છે, આમ છતાં ધર્મ અને સંપ્રદાય વચ્ચે મોટું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતર છે. ધર્મ એ વ્યક્તિને સમાજને રાષ્ટ્રને અને સમગ્ર વિશ્વને ધારણ કરનારું ચાલક બળ છે. ધર્મ એ મનુષ્ય માત્રના જીવનનો ઉન્નત નિયમ છે. સંપ્રદાય અથવા પંથ ધર્મમાંથી જન્મતો હોવા છતાં ધર્મ જેટલો વ્યાપક નથી. સંપ્રદાય એટલે ધર્મના નામે ઊતરી આવેલું અને પોષાયેલું આપણું માનસિક સંકુચિતપણું."

ઉપર્યુક્ત ત્રણે વિષયોની ચર્ચા ખૂબ રસપ્રદ રહી, જેમાં ડૉ. અક્ષય રમણલાલ દેસાઈ, ડૉ. મકરન્દ મહેતા, ડૉ, મણિબહેન કામેકર, ડૉ. આર. એલ. રાવળ, ડૉ. મુગટલાલ બાવીસી, ડૉ. મંગુભાઈ પટેલ, ડૉ. યતીન્દ્ર દીક્ષિત, ડૉ. ઉષાબહેન ભટ્ટ, ડૉ. શિવપ્રસાદ રાજગોર, ડૉ. કિરીટ પટેલ, ડૉ. એમ. વી. મેઘાણી, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ, પ્રો. સત્યવ્રત જોશી, પ્રો. કુંતલ મહેતા, પ્રો. કે. કે. દેસાઈ, પુષ્કરભાઈ ગોકાણી, કાંતિલાલ ત્રિપાઠી, ડૉ, વી જે. ત્રિવેદી, મુકુંદભાઈ કામદાર, નિવૃત્ત સરકારી અધિકારી શ્રી મલકાન, અરુણ શર્મા, દામિનીબહેન જરીવાલા વગેરેએ ભાગ લીધો.

બપોરે ૧૧-૦૦ વાગ્યે સમાપન-બેઠક શરૂ થઈ. એમાં પરિષદ-પ્રમુખ ડૉ. મકરન્દ મહેતા, ઉપ-પ્રમુખ ડૉ. મુગટલાલ બાવીસી, મંત્રી પ્રો. થોમસ પરમાર, ડૉ. રસેશ જમીનદાર, પુષ્કરભાઈ ગોકાણી, કાંતિલાલ ત્રિપાઠી, ડૉ. વી. જે. ત્રિવેદી વગેરેએ સુંદર સરભરા અને વ્યવસ્થા માટે સ્થાનિક સ્વાગતસમિતિનો આભાર માન્યો, જ્યારે સ્વાગત-પ્રમુખ ડૉ. જી. જે. દેસાઈ અને મંત્રી પ્રો. ભાનુભાઈ જોશીએ પરિષદના હોદ્દેદારો તથા પ્રતિનિધિઓનો આભાર માન્યો. પ્રસંગની યાદગીરીરૂપે પરિષદનાં પ્રકાશનોનો એક સેટ સ્વાગત-પ્રમુખને પરિષદ-મંત્રી દ્વારા ભેટ આપવામાં આવ્યો.

બપોર પછી સ્વાગતસમિતિ તરફથી પ્રતિનિધિઓ માટે પારડી નજીકનાં ઐતિહાસિક સ્થાનોનો પ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો. એમાં સૌ-પ્રથમ બગવાડા ગામની મુલાકાત લીધી. ત્યાંની ગ્રામપંચાયતે સૌનું સ્વાગત કર્યું. ત્યાંનાં અજિતનાથના જૈન તથા અંબાજી અને લક્ષ્મીજીનાં મંદિરોનું નિરીક્ષણ કર્યું. અહીં ઘણાં પ્રાચીન મંદિર આવેલાં છે તથા નજીકની ટેકરી ઉપર એક જૂનો કિલ્લો છે, જે 'અર્જુનગઢ' તરીકે ઓળખાય છે. બગવાડા પછી દમણ ગયા અને મોટી દમણમાં આવેલો પોર્ટુગીઝોનો મજબૂત કિલ્લો જોયો. દમણથી ઉદવાડા ગયા. ત્યાં દસ્તૂર કયોજી મિરઝા મેમોરિયલ હૉલમાં રહેલી પારસી પુસ્તકોની જૂની હસ્તપ્રતો જોઈ. એ પછી ત્યાંની ફિરોજશા પાવનજી મિસ્ત્રી હાઈસ્કૂલમાં ઉદવાડા ગ્રામપંચાયત તરફથી પ્રતિનિધિઓનું સ્વાગત કરવામાં આવ્યું. હાઈસ્કૂલનાં આચાર્ય રમેશભાઈ નાયક અને શિક્ષિકા ભાવનાબહેન શિરકેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. હાઈસ્કૂલ પાસેનો દરિયાકિનારો ખૂબ સુંદર અને મન હરી લે તેવો હતો, પરંતુ સમયના અભાવે રોકાઈ શકાય એમ ન હતું. સાંજે ૭-૩૦ વાગ્યે પારડીના ઉતારે સૌ પરત આવ્યાં.

આમ, પરિષદનું પારડી જ્ઞાનસત્ર દરેક રીતે સફળ રહ્યું. લગભગ ૧૩૦ જેટલા પ્રતિનિધિઓએ એમાં હાજરી આપી. મુંબઈના પ્રતિનિધિઓ ડૉ. મણિબહેન કામેકર, શ્રી રમેશ જરીવાલા, શ્રીમતી દામિનીબહેન જરીવાલા વગેરેએ એમાં ભાગ લીધો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતા તરફથી પુરાતત્ત્વને લગતું પ્રદર્શન યોજાયું હતું. પુરાતત્ત્વ-નિયામક શ્રી મુકુંદભાઈ રાવળ તથા દફતરભંડાર ખાતાના નિયામક શ્રી ચન્દ્રકાન્ત પંડ્યાએ એમાં ખાસ હાજરી આપી. પારડી નગરપંચાયત તરફથી પ્રતિનિધિઓનું મિષ્ટ ભોજન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત સમિતિ તરફથી દરેક પ્રતિનિધિને પ્લાસ્ટિકની ફાઇલ અને બૉલપેન સ્મૃતિભેટરૂપે આપવામાં આવી. અમરભારતી (મોટી પાવડી) જ્ઞાનસત્રની માફક આ જ્ઞાનસત્રની સમગ્ર કાર્યવાહીને વીડિયો-કૅસેટમાં કંડારવામાં આવી. આ પ્રસંગે પારડી અને દક્ષિણ ગુજરાતનો પરિચય આપતી 'સ્મરણિકા' પણ પ્રગટ કરવામાં આવી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌરાષ્ટ્ર કચ્છ ઇતિહાસ પરિષદનું જૂનાગઢ જ્ઞાનસત્ર

શ્રી. શૈલેશ ધોડા અને ગૌતમભાઈ દવે

સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદના સાતમા જ્ઞાનસત્રનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરતાં જૂનાગઢના જિલ્લા-ન્યાયાધીશ શ્રી શ્રીનિવાસ વેરાએ શિક્ષણમાં ઇતિહાસને મહત્ત્વ આપવા પર ભાર મૂકતાં પરિષદને પ્રયત્નો કરવા માટે અનુરોધ કરેલ હતો.

કાર્યક્રમનો પ્રારંભ વેદોચ્ચારથી થયો હતો. સ્વાગત-સમિતિના પ્રમુખશ્રી દેવીદાસ બલિયાએ જૂનાગઢની ઐતિહાસિક ધરતી પર સૌને આવકારી નરસિંહ મહેતા વગેરેનો ઇતિહાસ તાજો કર્યો હતો.

સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદની સ્થાપનાનો ઇતિહાસ રજૂ કરી પરિષદને સફળતા ઇચ્છતા આવેલા સંદેશાઓનું વાચન પરિષદના ઉપ-પ્રમુખશ્રી તથા જૂનાગઢ દરબારહૉલ મ્યુઝિયમના ક્યુરેટર શ્રી પુષ્પકાંતભાઈ ધોળકિયાએ કરેલું હતું.

ગુજરાતનાં પુરાતત્ત્વવિદ અને ગુજરાતના પુરાતત્ત્વખાતાના નિવૃત્ત નિયામકશ્રી જયેન્દ્રભાઈ નાણાવટીએ પોતાના પુરાતત્ત્વ વિષયના વક્તવ્યમાં જણાવ્યું કે જૂનાગઢ શહેરનું ઐતિહાસિક મહત્ત્વ માત્ર ભારતમાં જ નહિ, પણ વિશ્વભરમાં રહેલું છે. ભૂસ્તરશાસ્ત્રીય નિદાન પ્રમાણે ભારતના હિમાલય કરતાં પણ જૂનાગઢનો ગિરનાર પુરાણો છે. જૂનાગઢનો ગિરનાર ૧૪ કરોડ વર્ષ જૂનો હોવાનું એમણે જણાવ્યું.

ગુજરાતના જાણીતા ઇતિહાસકાર શ્રી શંભુપ્રસાદ દેસાઈએ પોતાના વક્તવ્યમાં સૌરાષ્ટ્રના ઇતિહાસનું મહત્ત્વ જણાવી આ પરિષદ દ્વારા બારોટો-ગઢવીઓ પાસે રહેલ કાચા ઇતિહાસને વ્યવસ્થિત બનાવી કૉલેજની ચાર દીવાલોની બહાર ઇતિહાસને રેલાવ્યાનું કહ્યું.

પરિષદના પ્રમુખ વિદ્યાવાચસ્પતિ અને પદ્મશ્રી, મહામહિમોપાધ્યાય, જાણીતા ઇતિહાસવિદ અને સાહિત્યકાર પ્રો. કે. કા. શાસ્ત્રીએ સૌરાષ્ટ્ર-કચ્છના ઇતિહાસની વાત કરી પ્રાચીન ઇતિહાસ માટે પ્રમાણભાન ઉપર ભાર મૂક્યો હતો. રામાયણ મહાભારત જેવા ગ્રંથોમાં તત્કાલીન પરિસ્થિતિ ભાષા તથા બીજાં પ્રાપ્ત થતાં પ્રમાણોનો અભ્યાસ કરી ત્યારબાદ વસ્તુસ્વીકાર કરવો જોઈએ એવું જણાવી એમણે સૌરાષ્ટ્ર અને કચ્છના રાજકીય ઇતિહાસની રચના કરવા માટે હાજર રહેલ ઇતિહાસકારોને અનુરોધ કરેલો.

પરિષદના મંત્રી શ્રી હરુભાઈ ઠક્કર તથા સ્વાગત-મંત્રી શ્રી શૈલેશ ધોડા વગેરેએ હાજર રહેલ મહાનુભાવોનું હારારોપણથી સ્વાગત કર્યું હતું. આ ઉદ્‌ઘાટન-સમારંભનું સંચાલન શ્રી પ્રિયકાંતભાઈ અગાશિયા અને આભારદર્શન સ્વાગત-મંત્રીશ્રી ગૌતમભાઈ દવેએ કર્યું હતું.

આ ઉદ્‌ઘાટન-સમારંભમાં શ્રી બચુભાઈ રાવત, શ્રી ચુનીભાઈ સોઢિયા, કુ. મહાશ્વેતાબહેન વૈદ્ય, કોમર્શિયલ બૅન્કના ડાયરેક્ટર શ્રી ચંદ્રકાંતભાઈ માલવિયા, અન્ય આગેવાનો, ડૉક્ટરો, વકીલો, કૉલેજના પ્રિન્સિપાલો, પ્રાધ્યાપકો વગેરેએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

જ્ઞાનસત્રની દ્વિતીય બેઠક બપોર બાદ મળેલ હતી, જેમાં વિવિધ વિષયો ઉપર નિબંધ-વાચન તથા રસપ્રદ ચર્ચા થઇ હતી, જેમાં રાજકોટના શ્રી માર્તસિંહ પરમાર, પોરબંદરના શ્રી મોહનપુરી ગોસ્વામી, શાપુરના શ્રી દિવ્યકાંત પટેલ, વાંકાનેરની કૉલેજના પ્રો. શ્રી સત્યવ્રત જોશી, ભાવનગરના પ્રો. નવલસિંહ સરવૈયા, સરસઈના શ્રી વલ્લભદાસ ડોબરિયા, જૂનાગઢના શ્રી દેવેંદ્રલાલ વસાવડા વગેરેએ નિબંધો રજૂ કર્યા હતા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનસત્રના બીજા દિવસે વિવિધ વિષયો પર નિબંધ-વાચન થયેલ, જેમાં પોરબંદરના શ્રી નલિનભાઈ જોશી, શ્રી દુષ્યંત શુકલ, ભાવનગર યુનિ.ના પ્રો. ડૉ. પી. જી. કોરાટ, સૌરાષ્ટ્ર યુનિ.ના રીડર ડૉ. એસ. વી. જાની, ડૉ. શ્રી મહેશભાઈ પંડ્યા વગેરેએ નિબંધવાચન કરેલું. આ નિબંધ-વાચનની બેઠકમાં થયેલ રસપૂર્ણ ચર્ચામાં પ્રમુખ પ્રો. કે. કા. શાસ્ત્રી, શ્રી શંભુપ્રસાદ હ. દેશાઈ, શ્રી હરુભાઈ ઠક્કર, શ્રી પ્રાણગિરિ ગોસ્વામી, શ્રી જે. એમ. નાણાવટી, શ્રી કંચનપ્રસાદ છાયા વગેરેએ ભાગ લીધો હતો.

આ બે દિવસના જ્ઞાનસત્રમાં ભૂજ ભાવનગર રાજકોટ અમદાવાદ ગાંધીનગર પોરબંદર વડનગર જામનગર જૂનાગઢ વગેરે સ્થળોએથી પ્રતિનિધિઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

આ પરિષદના જ્ઞાનસત્રને સફળ બનાવવા શ્રી પ્રિયકાંત વસાવડા, શ્રી ગૌતમભાઈ દવે, શ્રી શૈલેશ ધોડા, શ્રી નરેશ અંતાણી, પરિષદના મંત્રી શ્રી હરુભાઈ ઠક્કર, શ્રી દુષ્યંત શુકલ, કુ. કાશ્મીરા આચાર્ય, શ્રી પ્રિયકાંતભાઈ અવાશિયા, બહાઉદ્દીન કૉલેજના ઇતિહાસ-વિભાગનાં પ્રો. દર્શના બહેન પટેલ અને એઓના વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવેલ હતી.

પરિષદની પુર્ણાહુતિ બાદ પરિષદના પ્રતિનિધિઓએ જૂનાગઢનાં ઐતિહાસિક સ્થળોની મુલાકાત પણ લીધી હતી. આમ બે દિવસ માટે મળેલ જ્ઞાનસત્ર સફળ રીતે પૂર્ણ થયું હતું.

## આભાર સ્વીકાર : સમીક્ષા

### 'કચ્છ શક્તિ' દીપોત્સવી ૧૯૮૯ :

'તંત્રી શ્રી. હેમરાજ શાહ, રેખા પ્રકાશન, ૪૧ કરેલવાડી, ઠાકુર દ્વાર મુંબઈ-૪૦૦૦૦૨; ડેમી સિંગલ ૪ પેજી પૃ. ૬૪; કિ. રૂ. ૭/–

'કચ્છશકિત'ના નાના, પણ સુંદર દીપોત્સવીના અંકનો સમાદર કરતાં આનંદ થાય છે. કચ્છી મહિલાના સુંદર ભરતકામ કરતા અને નીચેના ડાબા ખૂણા ઉપર ત્રણ કચ્છી વિભૂષાથી સજ્જ મહિલાઓ સાથેના મકાનમાંના ત્રણ માટલાઓનાં ચિત્રોથી મંડિત મુખપૃષ્ઠ સાથેના આ અંકમાં ભલે થોડા જ લેખ અને વાર્તા અપાયાં હોય છતાં અપાયેલા લેખ આ અંકનાં અમૂલ્ય વિભૂષણ બની રહે છે.

ભાઈ સુધીર માંકડનો 'દીપોત્સવીના દીવડામાંથી કચ્છી ચેતના પ્રગટાવો' એ શ્રી હેમરાજભાઇને ઉદ્દેશી લખાયેલો પત્ર કચ્છી ચેતનાને ઉજ્જવલ રીતે પ્રગટાવી આપે છે, જ્યારે શ્રી. ભરત ઠાકર, 'કુમાર'નો 'કચ્છ દર્શન' લેખ કચ્છની કલાસંસ્કૃતિની ઝલક અને ઝાંખી કરાવતો કરાવતો કચ્છનાં સાંસ્કૃતિક ઐતિહાસિક પૌરાણિક ધાર્મિક અને પુરાતાત્ત્વિક જોવા લાયક સ્થળોનું વિહંગાવલોકન તાદૃશ કરાવી આપે છે. પંચાવન જેટલાં સ્થળોનો સંક્ષેપમાં પરિચય એક જ સ્થળે એકઠો કરી આપી ભાઇશ્રી ભરતે કચ્છની સ્વાભાવિક મહત્તા આપણી આંખો સામે ખડી કરી આપી છે. ભાઈ સુધીર માંકડનો 'ઔદ્યોગિક ક્ષેત્રે પણ કચ્છી પાછળ તો નથી જ' લેખ પણ નોંધપાત્ર બન્યો છે. ભાઈ જગદીશ છાયાનો 'કચ્છનાં ગામોનાં નામકરણ પર પક્ષીપ્રભાવ' લેખ પણ નોંધપાત્ર બન્યો છે. શ્રી. મૂલચંદ્ર વર્માનો 'મુંબઇનાં નામ અને પ્રતિષ્ઠાના ગુજરાતીઓ અગ્રેસર હતા' લેખ અને લેખકના નામ વિનાનો 'હસ્તકલા ઉજ્જવલ ભવિષ્ય તરફ' લેખ પણ નોંધપાત્ર છે. બીજા લેખો અને વાર્તાઓ પણ આકર્ષક છે. શ્રી હેમરાજભાઇ શાહને અમારા હૃદયનાં અભિનંદન. –તંત્રી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૅન્સર મનુષ્યનો એક ભયંકર રોગ

**શ્રી. પ્રભુલાલ કે. વોરા**

(સપ્ટેમ્બર ૧૯૮૪ના "રીડર્સ ડાઇજેસ્ટ"ના અંકમાં ડૉ. ડી. જે. જસાવાલાએ લખેલ લેખનું સંકલન જનતાના લાભ માટે કરેલું છે. આ લેખના વાચકે આ લેખ વાંચીને પોતાનાં મિત્રો તથા સંબંધીઓને એ વાંચવા આપવો અને પછી પોતાની ફાઈલ પર રાખવો કે જેથી ભવિષ્યમાં એ ઉપયોગી થાય.)

મનુષ્યના શરીરમાં અસંખ્ય કોશો હોય છે. સામાન્ય રીતે આ કોશો નિયમિત રીતે વધતા જ હોય છે. જ્યારે કૅન્સરની શરૂઆત થાય છે ત્યારે અમુક કોશોનો સમૂહ અસામાન્ય રીતે એકાએક આડેધડ વધતો જાય છે અને એને કારણે શરીરમાં એક ગાંઠ બંધાય છે. આ ગાંઠ ઈજા વગરની 'બીનાઈન' ગાંઠ કહેવાય છે. ઈજાવાળી ગાંઠને 'મેલિગ્નન્ટ' પ્રકારની ગાંઠ કહેવાય છે. 'મેલિગ્નન્ટ' પ્રકારની ગાંઠ શરીરમાં ફેલાય છે, જ્યારે 'બિનાઈન' પ્રકારની ગાંઠ ફેલાતી નથી અને એ ઘણી વધતી પણ નથી. જેમ જેમ કોશોનો ફેલાવો વધે છે તેમ તેમ 'મેલિગ્નન્ટ' પ્રકારની ગાંઠનો પ્રભાવ વધતો જાય છે અને એ ગાંઠ ફેલાતી જાય છે તથા એ લોહીના રજકણોમાં ફેલાય છે અને એની અસર શરીરના દૂર દૂરના ભાગો સુધી પહોંચે છે.

કૅન્સરનું નિદાન નક્કી કરવું પણ મુશ્કેલ છે. જે લોકો સિગારેટ કે બીડી પીએ છે કે તમાકુ ચાવે છે તે લોકોને ફેફસાંનું અને મોઢાનું કૅન્સર થવાની શક્યતા છે. બીડી પીનારને-સિગારેટ પીનારને કૅન્સર થવાની વધારે શક્યતા છે અને એનાથી મોઢાનું કૅન્સર થાય છે. કૅન્સર થવાનાં બીજાં કારણોમાં એસ્બેસ્ટોસ, આર્સેનિક, ડામર, અલ્ટ્રાવાયોલેટ કિરણો, બેનઝીન અને રેડિયેશન પણ હોય છે. વધારામાં શરીરના કોઈ ભાગમાં જો સતત ખંજવાળ આવે તોપણ મોઢાનું કૅન્સર થવાની શક્યતા છે. આ ઉપરાંત બરાબર બંધ-બેસતા ન હોય તેવા બનાવટી દાંતોથી અને કમરને સાડી કે ધોતિયાને વધારે સખત બાંધવાથી ચામડીનું કૅન્સર થવાની શક્યતા છે.

**કૅન્સર વંશપરંપરાગત રોગ નથી,** છતાં કેટલીક બાબતમાં આ રોગ વંશપરંપરાગત છે. દા.ત. આંખનું અને બાળકોનાં કેટલીક જાતનાં કૅન્સર તથા કિડનીનું કૅન્સર એ વંશપરંપરાગત છે. બીજાં વંશપરંપરાગત કૅન્સરોમાં સ્ત્રીઓની છાતીનું કૅન્સર, પેટનું કૅન્સર અને આંતરડાંનું કૅન્સર છે. બાળકોમાં પણ કૅન્સરના રોગની શક્યતા છે. દા.ત. બાળકોમાં લોહીનું કિડનીનું અને સ્નાયુનું કૅન્સર વધુ પ્રમાણમાં જોવામાં આવે છે.

સંશોધન પરથી એવું જાણવા મળેલ છે કે ભારતમાં દર આઠ વ્યક્તિઓમાંથી એકને કૅન્સર છે. કૅન્સર ગમે તે ઉંમરે થાય, પરંતુ સામાન્ય રીતે પચાસ વર્ષની ઉપરની વ્યક્તિઓને એ વધુ થાય છે.

મનુષ્યના જીવનની રહેણીકરણી કૅન્સર લાવવા માટે કારણરૂપ છે. દા.ત. જાપાન અને સ્કેન્ડિનેવિયાના લોકોને પેટનું કૅન્સર થવાની વધારે શક્યતા છે, કારણ કે એઓ શેકેલી માછલી વધારે પ્રમાણમાં ખાય છે. ફેફસાંનું કૅન્સર બ્રિટન અને અમેરિકામાં વધારે પ્રમાણમાં છે, કારણ કે એ દેશોમાં સિગારેટ પીવાનું વ્યસન વધારે પ્રમાણમાં છે, કારણ કે લોકો બીડી વધારે પીએ છે અને તમાકુ ચાવે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામાન્ય રીતે સાત પ્રકારનાં કેન્સર છે, જેને 'સાત ભયનાં સૂચન' કહે છે, જે નીચે પ્રમાણે છે :

૧ : શરીરના કોઈ ભાગમાં સોજો થયો હોય અને આ સોજો મટતો ન હોય,

૨ : છાતી કે શરીરના કોઈ ભાગમાં ગાંઠ થાય,

૩ : સ્ત્રીઓને યોનિમાંથી વધારે પડતું લોહી વહેતું હોય,

૪ : શરીર પરના મસાના કદમાં ફેરફાર થતો હોય,

૫ : ચાલુ રહેતો અપચો અથવા ખોરાક ખાવામાં મુશ્કેલી પડતી હોય,

૬ : સતત બોલવામાં ખોખરાપણું હોય અથવા ઉધરસ આવતી હોય,

૭ : મળશુદ્ધિના સમયમાં ફેરફાર થયા કરતો હોય.

ઉપલી બાબતોમાંથી કોઈ પણ બાબતની તકલીફ જણાય તો આવી વ્યક્તિએ તાત્કાલિક ડૉક્ટર પાસે જઈ નિદાન કરાવવું જોઈએ અને જો કેન્સર માલૂમ પડે તો એનો તરત જ ઉપચાર કરવો જોઈએ. કેન્સરને વધવા કે ફેલાવા દેવું જોઈએ નહિ. આવી સાવધાનીથી મટાડવાની તક વધારે રહે છે. કેન્સરની શરૂઆત બહુ ધીમે ધીમે થતી હોવાને કારણે શરીરની અવારનવાર તપાસ કરાવવી જોઈએ.

કેન્સરના ૮૫ ટકા કરતાં વધારે દર્દીઓને કેન્સર મટાડી શકાય છે, પણ એનો ઇલાજ શરૂઆતથી જ કરવો જરૂરી છે. જો કેન્સરના ઇલાજમાં ઢીલ થાય તો એને મટાડવાના સમયમાં પણ એટલી જ ઢીલ થાય છે.

કેન્સરની બાબતમાં કેન્સરમાંથી મુક્તિ મળે તોપણ ફરીથી એ શરીરના કોઈ પણ ભાગમાં દેખાવ આપી શકે છે. કોઈ પણ વ્યક્તિને એક વખત કેન્સર થયું હોય તો એણે દર ૭ મહિને પોતાની દાક્તરી તપાસ કરાવવી જોઈએ.

જો સ્ત્રીઓને છાતી ઉપર ગાંઠ થઈ હોય તો એ એક ભય છે. આ કેન્સરની ગાંઠને અટકાવવા માટેના પ્રયત્ન શરૂઆતથી જ કરવા જોઈએ, જે કરવાથી આ કેન્સર આગળ વધતું અટકી શકે. છાતી પરની કેન્સરની ગાંઠ ઓપરેશનથી કાઢી નખાય છે, આથી જે સ્ત્રીને છાતીમાં ગાંઠ થાય તેણે પોતાની છાતીને અવારનવાર તપાસાવવી જોઈએ. માસિક સ્રાવ પછી તપાસ થાય તો વધારે સારું. છાતીના કદમાં કંઈ ફેરફાર થાય તોપણ કેન્સર માટેની તપાસ કરાવવી જોઈએ. છાતીના બેઉ ભાગમાંના ગમે તે ભાગના કદમાં ફેર જણાય ત્યારે પણ કેન્સર છે કે નહિ એની તપાસ કરાવવી જોઈએ.

બાળકના જન્મ વખતે એની માતાને કંઈ ઇજા થયેલ હોય તો એની પણ ૭ મહિનાની અંદર તપાસ કરાવવી જોઈએ. જો યોનિમાંથી વધુ પડતો સ્રાવ થાય અથવા આ સ્રાવ કુદરતી હોય તો એની પણ તપાસ કરાવવી જોઈએ. સ્ત્રીઓએ પાંત્રીસ વર્ષની વય સુધી દર વર્ષે પોતાના શરીરની તપાસ અવારનવાર કરાવવી જોઈએ, ત્યારબાદ દર ૭ મહિને તપાસ કરાવવી જોઈએ. માસિક ઋતુસ્રાવ અટકી જાય અને પછી જો લોહી વહેતું હોય તો તબીબી તપાસની જરૂર રહે છે.

આ સૂચનોનો અમલ કરવામાં આવે અને શરૂઆતથી જ ઇલાજ કરાવવામાં આવે તો કેન્સર જરૂર મટી શકે છે.

ઠે. નાગરચકલો, ભૂજ–૩૭૦૦૦૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીર મુત્સદ્દી લક્ષ્મીદાસ કામદાર

પ્રો. જિતેંદ્ર એન. અંતાણી

"અમારા રાજાને અન્યાયથી તમે કેદ કર્યા છે. એમને છોડી દો અથવા ત્રણ વર્ષના કુંવર દેસલજીને રાજગાદી સોંપો, નહિ તો યુદ્ધ માટે તૈયાર રહો." આ શબ્દો કચ્છના પ્રખર મુત્સદ્દી શ્રી લક્ષ્મીદાસ કામદારે અંગ્રેજ સત્તા સામે ઉચ્ચાર્યા હતા અને એ પણ ત્યારે કે જ્યારે અંગ્રેજ સત્તાનો સૂર્ય ભારતવર્ષમાં તપવા લાગ્યો હતો.

લક્ષ્મીદાસ કામદાર કચ્છનો એક વીર મુત્સદ્દી નર હતા. સં. ૧૮૩૬ ના કારતક વદ ૧૩ ને મંગળવારે એમનો જન્મ મોસાળમાં લખપત ગામે થયો હતો. એમના પિતાશ્રીનું નામ હતું વલ્લભજી રાજારામ ઢોળુવ (માંગરોળ–સોરઠના ભક્તરાજ પર્વત મહેતા–નરસિંહ મહેતાના કાકા–ના એક વંશજ).

એના મામાનું નામ હરજીવન હતું. લખપતમાં એ ધ્રુવની કામગીરી કરતા. એ વખતે લખપત બંદર સારી સ્થિતિમાં હતું. એ સિંધની સરહદ પર હોવાથી વેપાર–રોજગાર સારો ચાલતો. એની આજુબાજુનાં ગામોમાં નાગરો ધ્રુવ આદિના અધિકાર પર હતા. એ વખતે લખપતમાં અને તાલુકામાં નાગરોની વસ્તી વધારે હતી. પૈસે ટકે સુખી પણ હતા.

લક્ષ્મીદાસ કામદારના પિતા જમાદાર ફતેમામદના લશ્કરમાં એક મુત્સદ્દી સૈનિક તરીકે કામ કરતા હતા. લક્ષ્મીદાસે પણ સાધારણ અક્ષરજ્ઞાન મેળવી લીધું અને પિતાની સાથે જમાદાર ફતેમામદના લશ્કરમાં જોડાઈ ગયા.

રાવશ્રી ભારમલજીના વખતમાં અંગ્રેજોનો પગપેસારો વધવા લાગ્યો હતો. કર્નલ ઇસ્ટ ૪૦૦૦ની ફોજથી કચ્છ પર ચડી આવ્યો. ઈ.સ. ૧૮૧૬–૧૭ માં જળમાર્ગે થઈ અંગ્રેજી લશ્કર સાથે કેપ્ટન મૅકમર્ડો કચ્છની ભૂમિ પર ઊતર્યો. પહેલે જ સપાટે એણે અંજાર પરગણું ખાલસા કર્યું અને લશ્કરી ખર્ચની એંસી લાખ કોરી ચૂકવી આપવા રાવ ભારમલને કહેણ મોકલાવ્યું.

હવે આ ૮૦ લાખ કોરી એકત્રિત કરવાની રાવશ્રીને ચિંતા થવા લાગી. એમણે વિચાર્યું કે એક સબળ દીવાનની નિમણૂક થાય તો જ આ રકમ એકઠી થઈ શકે. એ અરસામાં ભુજમાં કુશળચંદ મહેતાની એક કાર્યકુશળ અને કુનેહબાજ કારભારી તરીકે છાપ પડતી હતી. રાજદરબારમાં પણ એમનું માન હતું. ભારમલજીએ કુશળચંદ મહેતાને દીવાનપદ આપવાનો પોતાનો વિચાર જણાવ્યો. કુશળચંદે મહારાવના નિમંત્રણનો સ્વીકાર કર્યો. બીજે જ દિવસે એમને દીવાનની પાઘડી બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો. કુશળચંદને જ્યોતિષમાં બહુ શ્રદ્ધા. એમના જ્યોતિષીએ એમને કહ્યું કે "આવતી કાલે યમઘંટ અને વ્યતિપાતનો દિવસ છે, પરંતુ પરમ દિવસનું પ્રથમ ચોઘડિયું દીવાનની પાઘડી બાંધવા માટે ઉત્તમ સમય છે."

રાવ કોઈ રીતે રાહ જોવા તૈયાર ન હતા. એમણે બીજે જ દિવસે સં. ૧૮૭૧ ના જેઠ સુદ ૭ ના દિવસે લક્ષ્મીદાસ કામદારને પોતાના દીવાન બનાવ્યા.

દીવાનની સત્તા મળતાં જ કામદારે કુનેહથી કામ લેવા માંડયું. એ વખતના તમામ શ્રીમંત માણસોને એમણે પોતાને ઘેર બોલાવ્યા અને કચ્છ દેશને અંગ્રેજી સત્તા તળે સદાને માટે જતો બચાવવા વિનંતી કરી. પોતે બે લાખની રકમ ભરી, અન્ય પાસેથી સમજાવટ તથા સામ–દામ–ભેદથી કોરી પચાસ લાખ એકઠી કરી રાવ પાસે ગયા અને કહ્યું : "લો, આ રોકડી કોરી પચાસ લાખ આપું છું અને જમાદાર ફતેમામદે જામનગરથી સવારી કરીને વીસ લાખ કોરી દંડ નાખ્યો છે એનો દસ્તાવેજ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું આપને સોંપું છું. બાકી માત્ર દસ લાખ કોરી રહે છે તે હું કર્નલ મૅકમર્ડોને મળીને મુકાણું કરાવીશ." રાવ ખુશ થયા અને અંગ્રેજોએ પણ લક્ષ્મીદાસનું માન રાખ્યું.

શ્રી રસિકલાલ જોશી નોંધે છે કે "પરંતુ કામદારની મહાન મુત્સદ્દીગીરી તો ત્યાં છે કે કામદારે આ તકનો દેશના ભલામાં લાભ ઉઠાવ્યો. એમણે દેશના જાડેજા ભાયાતોને એકઠા કર્યા અને અંગ્રેજ સરકાર સાથે કોલકરારો કરાવ્યા, જે રાજ્ય માટે ખૂબ અનુકૂળ નીવડ્યા. આ કરારોની મુખ્ય બાબત એ છે કે બ્રિટિશ સરકારે કચ્છ રાજ્ય સાથે મિત્રાચારીનો સંબંધ રાખવો અને રાજ્યની આંતરિક વ્યવસ્થા–(Internal Affairs)માં બિલકુલ હસ્તક્ષેપ કરવો નહિ."

કમ્પની સરકાર અને મહારાવશ્રી ભારમલજી તથા એમના વારસો વચ્ચે તા. ૧૬ મી જાન્યુઆરી સને ૧૮૧૫ માં કોલ–કરારો થયા તેમાં લક્ષ્મીદાસ કામદારની કુનેહને પરિણામે જ કલમ ૧૦મી દાખલ કરવામાં આવી હતી, જે નીચે મુજબ છે:

"કમ્પની સરકાર રાજ્યના અંગત જાડેજા સરદારોના આંતરિક વહીવટમાં કોઈ પણ સત્તા ન વાપરવા બંધાય છે. રાવ અને એમના વંશવારસો પોતપોતાના રાજ્યમાં સર્વોપરિ સત્તા ભોગવશે તેમજ ત્યાં બ્રિટિશ સરકારની દીવાની અને ફોજદારી હકૂમત ચાલશે નહિ."

રાજ્યની ખટપટના ભોગ બનેલા લઘુભાનું ખૂન થયું તે સમયે પરિસ્થિતિ સંભાળી લેવા લક્ષ્મીદાસે લઘુભાના પુત્રના રક્ષણની જવાબદારી પોતે લીધી. શ્રી નરેંદ્રકુમાર મ. જોશી નોંધે છે તેમ "મહારાવે બીજી ભૂલ કરી અને અંગ્રેજોના એજન્ટ રાઘોબાને એક દિવસે ભૂજમાંથી કાઢી મૂક્યો. આ તકનો લાભ લઈને કૅપ્ટન મૅકમર્ડોએ ભાયાતોનો પક્ષ લીધો અને મહારાવને પદભ્રષ્ટ કરવાનો હુકમ કમ્પની સરકાર પાસેથી મેળવી ભૂજના પાદરે પડાવ નાખ્યો. અંગ્રેજોએ ભૂજિયો કિલ્લો કબજે કર્યો અને ઈ. સ. ૧૮૧૯ ના માર્ચના ૨૫ મી તારીખે મહારાવને શરણે થવા ફરજ પાડી. લક્ષ્મીદાસ કામદારે ધીરજ અને કુનેહથી ભાયાતોને સમજાવી પક્ષમાં લીધા અને અંગ્રેજ સેનાપતિને કહેવડાવ્યું કે "અમારા રાજાને તમે અન્યાયથી કેદ કર્યા છે. એમને છોડી દો અથવા ત્રણ વર્ષના કુંવર દેસલજીને ગાદી આપો, નહિતર યુદ્ધ માટે તૈયાર થઈ જાઓ." સ્વ. દુલેરાય કારાણી નોંધે છે કે "આમ સં. ૧૮૭૫ ના ચૈત્ર સુદ ૧૩ ના દિવસે રાવશ્રી શરણે થયા......કચ્છની રાજગાદી પર કોને બેસાડવો એની વાટાઘાટ ચાલવા લાગી. આ વખતે લક્ષ્મીદાસ કામદારે પોતાની ચાલાકીથી સૌને સમજાવીને ત્રણ વર્ષના કુમાર દેસલજીને રાજગાદી સોંપવાનો ઠરાવ કરાવ્યો."

સ્વ. શંભુદાનજી ગઢવીએ નોંધ્યું છે કે "કમ્પની સરકાર તથા જાડેજા ભાયાતો અને રાજ્ય વતી લક્ષ્મીદાસ કામદાર વચ્ચે થયેલ કોલકરારો–તહનામા મુજબ એ વખતના ભારમલજીના યુવરાજ અઢી વર્ષના બાલકુમાર દેસલજી કે જેમનો જન્મ વિં સં. ૧૮૭૨ (ઈ.સ.૧૮૧૬)માં ભાદરવા સુદ ૫ ના રોજ મહારાણીશ્રી તાજુમા સોઢીના ઉદરેથી થયેલો, તેમને ગાદી ઉપર બેસાડવામાં આવ્યા અને એમના નામે રાજ્યવહીવટ ચલાવવા નીચે મુજબની કાઉન્સિલની નિમણૂક કરવામાં આવી: ૧. સુમરી રોહાના જાડેજા વજેરાજજી, ૨. નાગરેચાના જાડેજા પૃથ્વીરાજજી, પ્રજામાંથી ૩. ખત્રી રતનસિંહ જેઠા અને ૪. રાજગોર ઓધવજી હરભાઈ, રાજ્યના અધિકારીઓમાંથી ૫. દીવાન લક્ષ્મીદાસ કામદાર અને આ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે અંગ્રેજ સરકારનો ૬. જે રેસિડેન્ટ હોય તે.

" આ લક્ષ્મીદાસ કામદારની પૂર્ણ મુત્સદ્દીગીરી અને હોશિયારીની તથા સાથેના કાઉન્સિલરોના એકસંપથી આ રાજ્યતંત્ર દિવસે દિવસે વ્યવસ્થિત થતું ચાલ્યું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"રાવ રાયધણજીની મુસ્લિમ પુત્રી કેસરબાઈ સુંદર બાહોશ અને બુદ્ધિશાળી હતી. એણે એક વખતે રાવ ભારમલજીને બળજબરીથી ભાયાત ચોકીદારોની હવાલતમાંથી છોડાવી લીધા હતા."

ડૉ. ઈશ્વરલાલ ગિ. ઓઝા આ પ્રસંગને નિરૂપતાં લખે છે કે "જ્યારે લક્ષ્મીદાસ કામદાર માટે કેસરબાઈ "ભારમલ કેદમુક્તિ ષડ્યંત્ર"ને લીધે માથાનો દુખાવો બની ગઈ હતી તેથા એને કોઈ પણ રીતે ભૂજથી દૂર કરવી અનિવાર્ય હતું... એટલે લક્ષ્મીદાસે જૂના સંબંધને તાજો કર્યો અને સગપણ વખતના શાહજાદા તથા હવે ગાદીપતિ થયેલા જૂનાગઢના નવાબ બહાદરખાને આ સગાઈને સ્વીકારી લીધી. બીજી બાજુ અત્યાર સુધી લગ્ન કરવાની ચોખ્ખી ના પાડતી કેસરબાઈને સમજાવીને લગ્ન કરવા માટે તૈયાર કરવામાં આવી.

"સને ૧૮૨૧ માં કચ્છની મુલાકાત લીધા પછી મુંબઈના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટને કચ્છ સંબંધી જે રાજદ્વારી લખાણ લખ્યું છે તેમાં લક્ષ્મીદાસ કામદાર વિશે લખતાં લખે છે કે લાંબો સમય થયાં લક્ષ્મીદાસના હાથમાં સત્તા રહી છે. જાડેજાઓ પણ એની સામે માનની નજરે જુએ છે, અને કચ્છી પ્રજાની લાગણીઓ વગેરેનું પ્રતિબિંબ પાડે એવો તો એ એક જ આ ગુણોને લીધે તેમજ એની કાર્યદક્ષતાને લીધે રિજન્સીમાં આ એક મહામૂલો મેમ્બર છે. ઈ.સ. ૧૮૫૦, સં ૧૯૦૬ માં કચ્છનો આ નરવીર મુત્સદ્દી અનંતનો યાત્રી બન્યો.

"લક્ષ્મીદાસ કામદારનું ભૂજનું નિવાસસ્થાન અત્યારે જમીનદોસ્ત થઈ રહ્યું છે. સદ્ગત દીવાન-બહાદુર મણિભાઈ જસભાઈએ આ મકાનને જોઈ, મકાનની બાંધણી જોઈ જણાવ્યું હતું કે 'આપણે તો લક્ષ્મીદાસની રજ છીએ.'"

આ વીર નરના જીવનનાં અનેક પાસાં ઊપસેલાં હતાં. પ્રખર મુત્સદ્દી માનસ, અનોખી પ્રતિભા, ઉપરાંત એમને અનન્ય એવું શ્રદ્ધાળુ હૃદય હતું. એઓ ખૂબ જ ધર્મપરાયણ હતા. પ્રાપ્ત થયેલા દ્રવ્યનો એમણે ભારે સદુપયોગ કર્યો હતો. ઈ.સ. ૧૮૧૯ ના ભૂકંપ વખતે ગરીબોને એમણે ચાર માસ સુધી અન્ન આપ્યું હતું, યજ્ઞો કર્યા હતા. ઈ.સ. ૧૮૩૨ માં એમણે બ્રહ્મપોળ બંધાવી દ્વારકાનાથજીનું ભવ્ય મંદિર બંધાવ્યું અને સદાવ્રતો ચાલુ કર્યાં.

સ્વ. દુલેરાય કારાણી કામદાર વિશે લખે છે કે "લક્ષ્મીદાસ કામદારના જીવનમાં પણ અનેક પલટા આવી ગયેલા. સરકાર સાથે મળીને ભૂજિયા પર હુમલો લાવનાર પણ મહેતા લક્ષ્મીદાસ. એક વખત જેને રાવશ્રી તરફથી લૂંટી લેવામાં આવેલા તે પણ એ જ લક્ષ્મીદાસ કામદાર, અને છેવટે જેણે રાજ્ય-ભક્તિ સિદ્ધ કરી બતાવીને રાવશ્રી ભારમલજીના બાળ કુંવર દેસલજીને ગાદી અપાવી એ પણ એ જ નાગરવીર લક્ષ્મીદાસ. એકંદરે લક્ષ્મીદાસ કામદાર કચ્છના મહાન મુત્સદ્દીઓમાંનો એક નીડર પ્રભાવશાળી અને પ્રખર મુત્સદ્દી હતા.

## સંદર્ભસૂચિ

૧ કચ્છ-દર્શન, શ્રી શંભુદાન ગઢવી, પહેલી આવૃત્તિ, ૧૯૭૮

૨ ભાતીગર ભોમકા કચ્છ, શ્રીનરેન્દ્રકુમાર મ. જોશી, પહેલી આવૃત્તિ, ૧૯૭૭

૩ કચ્છની પ્રજાજાગૃતિના ઇતિહાસનાં પાનાં, રસિકલાલ જોશી, પ્રથમ આવૃત્તિ સપ્ટેમ્બર, ૧૯૬૬

૪ મીરજા મહારાવ રાયધણજી બીજાના સમયનું કચ્છ, ડૉ. ઇશ્વરલાલ ગિ. ઓઝા, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૬

૫ કચ્છ કલાધર-ભાગ બીજો, દુલેરાય કારાણી, ચોથી આવૃત્તિ, સં ૨૦૪૪

૬ The Black Hills fo Kutch, Prof. L. F. Rushbrook williams, Reprint, October, 1981



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રથમપાન

[ઐતિ. લઘુકથા] **શ્રી. દેવેશ ભટ્ટ**

આજથી લગભગ ૧૩૬૧ વર્ષ પહેલાં વૈશાખની એક રાત્રિએ ભિન્નમાલમાં (કે જે આજના પશ્ચિમ રાજસ્થાનમાં આવેલ શ્રીમાલ હતું ત્યાં) રાત્રિના પ્રથમ પ્રહરના સમયની આ વાત.

"રાજકુંવરી બા! આ જ બ્રહ્મગુપ્ત." રાજકુંવરી વિશ્રવા એક નાનીશી ઓરડીમાંથી નીકળતા એક જુવાનને જોઈ રહી. નાનો જુવાન ત્રીસેક વર્ષનો. સફેદ ધોતી અને સફેદ ઉત્તરીય પહેરેલ. નાનું નમણું નાક, પણ ધારદાર હોઠ અદબથી બિડાયેલ રતૂમડા અને સાકાર. આંખો પાણિયાળી અને ઉત્સુક. દૃષ્ટિ દૃઢ અને એમાં વિશ્વાસનો અજેય ટંકાર મુદ્રા સ્વસ્થ, શરીર સુડોળ અને કમરથી ટટાર. ચાલ સુદૃઢ અને ડગે ડગ છટાબંધ. કપાળમાં ત્રિપુંડ્ર અને વાળ કાળા. શિખા ડાબા ખભા આગળ ઝૂલે, એનાં ડગલાં સાથે લયબદ્ધ ડોલે, જાણે ફણીધરની ફેણ. રાજકુંવરી વિશ્રવા તો જોઈ જ રહી. ત્રીસ વર્ષની ઉંમરે જગપ્રસિદ્ધ ભિન્નમાલ વિશ્વવિદ્યાલયનો કુલપતિ થનાર તે આ બ્રહ્મગુપ્ત.

"બા! ચાલો." કુંવરી ચમકી. ભાનમાં આવી દાસીના શબ્દે સભાન બની.

"આચાર્યજી ગયા પે...લી દૂર ટેકરી ઉપર તારક-મંડલનો અભ્યાસ કરવા. સવાર પહેલાં પાછા નહિ આવે." દાસીએ કહ્યું. રાજકુંવરીએ પણ સાબદી રહેવાનો નિશ્ચય કર્યો. ભિન્નમાલના રાજાની એકની એક સુંદર પુત્રી આવા સમયે આવી જગ્યાએ કોઈ જુવાનના ઘરમાં ચોરીછૂપીથી ઘૂસે તો લોકો શું સમજે? બંને ચોર-પગલે બ્રહ્મગુપ્તની ઓરડીમાં પેઠી. ચોતરફ દૃષ્ટિ દોડાવી. દૂર ખૂણામાં વ્યાઘ્રચર્મ સામે નાના બાજોઠ પર પડેલી પોથી એને દૃષ્ટિગોચર થઈ. એ તરત ત્યાં પહોંચી અને પોથીને જોઈ રહી. "બ્રહ્મસ્ફુટસિદ્ધાંત"નું શીર્ષક એના ઉપર જોઈ એનું હૃદય ઊછળી આવ્યું. કેટલાય સમયની ઉત્કટ ઈચ્છા પૂરી થતી હોય એમ લાગ્યું.

એ વિચારવા લાગી. આ બ્રહ્મગુપ્ત મહાન તથા વિચિત્ર હતા. જ્ઞાની અને નિર્લેપ છતાં ડર ઉત્પન્ન કરે તેવા હતા. આડંબર-રહિત છતાં દૃઢ હતા. એમનું વ્યક્તિત્વ મોહક હતું, પણ પૂજનીય હતું. એ વિનમ્ર, પણ ગર્વીલા હતા. એને થોડા દિવસ પહેલાં બનેલ પ્રસંગ યાદ આવી ગયો. રાજ્યસભામાં રાજાએ બ્રહ્મગુપ્તને એમનાં અવલોકન નાટ્યસંવાદમાં ઉતારવાનું કહ્યું ત્યારે એ કેવા છેડાઈ પડેલા! એમના શબ્દ એને યાદ હતા:

'રાજન્...! વિજ્ઞાન એ નાટકોનો તખ્તો નથી, મારા 'બ્રહ્મસ્ફુટસિદ્ધાંત'માં હું આ જ કહેવાનો છું." ગવાક્ષમાં બેઠેલી એ એને જોઈ રહી અને બસ ત્યારથી એને ફક્ત એક જ લગની લાગી હતી. "બ્રહ્મસ્ફુટસિદ્ધાંત"નું પ્રથમ પાન ખોલ્યું:

"જ્યારે નક્ષત્રો અને ગ્રહો અંગેની ગણતરીઓ ખોટી ઠરી છે ત્યારે હું વિષ્ણુગુપ્ત વૈશ્યનો પુત્ર બ્રહ્મગુપ્ત મારી આયુના ૩૦ મા વર્ષે દેવાધિદેવ ભગવાન શંકરને નમન કરી એ અંગે અહીં સ્પષ્ટીકરણ કરવાનું સાહસ કરું છું."

કુંવરી વિશ્રવાએ વાંચવાનું શરૂ કર્યું. એનાં રુવાડાં ઊભાં થતાં લાગ્યાં.

"અંધકારની દુનિયામાં ધકેલાઈ ગયેલી નગરી છે ભિન્નમાલ. આજે તો બીને લેવડદેવડથી પૂરાં કરાતાં આ સમાજનાં દિવસ માસ અને વર્ષ વૃથા વહી જાય છે. કોઈ વિચારધારા ઉપર ઊભો નથી, એને કોઈ ગતિ નથી, વર્તમાનની ક્ષિતિજોને આંબી ભાવિમાં ડોકિયું કરવાની પણ ક્ષમતા નથી. છે ભિન્નમાલ પાસે થોડા જણ કે જેમની પાસે વૈચારિક ક્ષમતા હોય, પણ એમણે આપેલી પ્રાથમિકતાઓ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો જુઓ. કવિતા નાટક જ એમનું સર્વસ્વ છે. આપણી પાસે મહાન કવિઓ છે અને પ્રખર પંડિતો છે, સમર્થ નાટ્યકારો છે અને વિદ્વાન વ્યાકરણાચાર્યો છે, પણ વૈજ્ઞાનિક વિચારક ક્યાં છે? કોઈ પણ વિચારને કલ્પનાના કુંભામાં પુરી કુલાવીએ નહિ ત્યાંસુધી આપણને આનંદ નથી થતો. કલ્પનાઓ સમાજને બહેકાવે છે, વિચારશીલતાના નશાથી સમાજને મત્ત બનાવે છે. વાસ્તવિકતાને ભુલાવવાનું કામ આ કવિઓ કરે છે. ભિન્નમાલને હવે જરૂર છે ફક્ત વાસ્તવિકતાની નક્કર પાયા ઉપર ઊભા રહી ભવિષ્યની ઈમારત ચણનાર માનવોની. જેમની પાસે વિચાર છે, પણ તર્ક પણ છે. કલ્પના જરૂર છે, પણ જે તરંગોમાં પરિણમી નથી તેવા માણસોની જરૂર છે. ગઈ કાલે રાજસભામાં કોઈ ધર્મોપદેશકે કહ્યું કે સૂર્ય એક નહિ, પણ બે છે, ચંદ્ર એક નહિ પણ બે છે. આપણામાંના બધાંએ એ માની લીધું. કોઈએ આ વિદ્વાન ઉપર વિચાર કરવાનું યોગ્ય માન્યું? સ્વયં અવલોકન કરવાનું જરૂરી ગણ્યું? આવી વૈજ્ઞાનિક દૃષ્ટિ છે આપણામાં? આપણામાંના કેટલાયે વિવિધ ગ્રહોની ભ્રમણકક્ષા ઉપર વિચાર કર્યો છે? ગ્રહનું સૂર્યથી નજીકનું ભ્રમણબિન્દુ કે સૌથી દૂરનું ભ્રમણબિન્દુ શોધવા કેટલાએ પ્રયત્ન કર્યો છે? વૈજ્ઞાનિક આવિષ્કાર માટે સાધનો બનાવવાં અને એનો ઉપયોગ કરવો એ વિશે કેટલાએ વિચાર્યું છે? બીજગણિતમાં બે અજ્ઞાત સંખ્યાની એક પદાવલીથી કિંમત શોધવાના કૂટકની રીત જે આર્યભટ્ટે બનાવી હતી તેના ઉપર આપણામાંથી કેટલા સંશોધન કરી શકે એમ છે?

"બંધુઓ! જાગો ભવિષ્યની પેઢી આપણી આવી વાતો ઉપર હસશે. મારા વર્ષોના અવલોકન બાદ કહું છું કે સૂર્યચંદ્ર એક છે, દિવસ સવારથી શરૂ થાય છે અને સાંજે પૂરો થાય છે. મારા મતે તો આ એટલી પ્રાથમિક બાબતો છે કે એના ખંડનમાં સમય અને શક્તિ શા માટે વેડફવાં? એ સમય અને શક્તિનો ઉપયોગ સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણની પ્રક્રિયા સમજવા ન વાપરીએ? પૃથ્વીની ગતિ કે ચંદ્રની ગતિ માપવા જરૂરી ઉપકરણને શોધવામાં ઉપયોગ ન કરીએ? આવતી પેઢી ચંદ્ર ઉપર ઊતરે એવું કરવા આપણે વિચાર્યું છે?

"બધું તો બધું, મને એ સમજાતું નથી કે વિજ્ઞાન કરતાં પણ અગત્યની છે વૈજ્ઞાનિક દૃષ્ટિ, એવું પ્રખર વૈજ્ઞાનિક અને ગણિતજ્ઞ આર્યભટ્ટના ધ્યાનમાં પણ કેમ નહિ આવ્યું હોય? કદાચ એઓ પણ પેલા કવિતાપ્રેમી સમાજના દબાણ નીચે દબાઈ ગયા હશે?

"જે હોય તે, આવતા સમય માટે આપણે જો મજબૂત પેઢી ઊભી કરવી હશે તો વિચારોની નક્કરતા જોઈશે, સ્વતંત્ર મનને વાસ્તવિકતાની દિશા આપવી જોઈશે અને જો આમ નહિ થાય તો?

"આપણે વિદેશી તાકાતોથી હીણા પડીશું. એમના વિચારો અને સંસ્કૃતિ આપણને નવાં લાગશે. આપણે એ અપનાવવા લલચાઈશું. સ્વતંત્રતા અને પોતાપણું ગુમાવીને પણ પછી આપણો વિનિપાત ક્યાં જઈને અટકશે? રાજકીય અને આર્થિક પરતંત્રતા આપણા સમાજને વર્ષો નહિ, પણ સદીઓ સુધી ઘેરી વળશે. આર્યાવર્તને ફરી ઊભો થતાં કદાચ સૈકા લાગશે, પણ એ બાદ પણ શું? વૈચારિક સંકલનના નામે આપણે જે કાંઈ વસ્તુઓ અપનાવીશું તેઓમાંની બધી તો હાલની કક્ષાએ ઘણી નિમ્ન છે, કદાચ એને જ આપણે 'આપણો વારસો કહેવો પડશે, આજની મૌલિકતા પાષાણોમાં પુરાઈને ચૂપ થઈ જશે."

જ્યારે પહેલું પાન વાંચવાનું રાજકુંવરીએ પૂરું કર્યું ત્યારે એ લગભગ અવાક્ થઈ ગઈ હતી. મહાન છે આ બ્રહ્મગુપ્ત. એના વિચારોના જબરજસ્ત ધોધમાં તણાઈ જવાય એવું છે. એની પાસે યુગદર્શક વિચાર છે. આવો વૈજ્ઞાનિક પોતાને ત્યાં હોવાનો એને ગર્વ થયો. બ્રહ્મગુપ્ત આવે તે પહેલાં જેટલી ચોરીછૂપીથી એ પ્રવેશી હતી તેટલી જ હળવાશથી એ બહાર નીકળી ગઈ.



For Private and Personal Use Only

# કુરબાની

[સ્વાર્પણની રોમાંચક કચ્છની લોકકથા] **શ્રી. ઠાકરસી પુ. કંસારા**

કંથકોટના સુરક્ષિત દુર્ગની અંદર આવેલી સમા જામ સાડના મહાલયના મુખ્ય દ્વારની સામે આવેલ દૂરદૂરની માંગુધારના ટેકરાઓની પાછળ અસ્ત પામતો સૂર્ય લાલચોળ બન્યો હતો. જોતજોતામાં સૂર્ય અસ્ત પામતાં આકાશમાં થોડી વાર માટે સંધ્યાના વિવિધ રંગોથી મિશ્રિત રતાશ પ્રસરવા લાગી, પણ અંધકાર પોતાનું સામ્રાજ્ય ફેલાવવા માટે રાહ જોઈ રહ્યો હતો.

કચ્છ વાગડમાં કંથકોટના ટેકરા પર કાઠીઓએ બંધાવેલ કહેવાતા સૂર્યમંદિરમાં સંધ્યા-આરતીની તૈયારી ચાલતી હતી. શ્રીકંથડનાથના સ્થાનકમાં મહંત ભસ્મનાથજી ધ્યાનમાં બિરાજ્યા હતા.

કંથકોટના રાજગઢમાં આવેલ મહારાજ જામ સાડના મહાલયમાં ઉપરના માળે આવેલ એક ખંડની બારી પાસે વીસેક વરસની ઉંમરની વાઘેલી મહારાણી ઊભી હતી અને ઉત્સુકતાથી પશ્ચિમ દિશામાં દૂર દૂર નજર ફેરવી રહી હતી.

"મહારાજ હજી સુધી કેમ પાછા ન ફર્યા, બહેન ? આજ તો ઘણું મોડું થયું છે !" રાણીએ ચિંતાગ્રસ્ત બનીને, થોડે દૂર રાખેલ પારણા પાસે બેસીને નાના બારેક માસની વયના બાળકને ધવરાવતી ધાત્રી ફરાક ઉર્ફે ઝીંકડીને પૂછ્યું.

'આજે તો મહારાજ સવારના વહેલા જ શિકારે ગયા છે, પણ ચિંતા કરશો નહિ, બા ! કદાચ કોઈ શિકારની પાછળ આઘે નીકળી ગયા હશે. આજ તો કદાચ આપના ભાઈ ધરણ મહારાજ પણ સાથે છે એટલે નજીકના કોઈ ગામમાં મહારાજનો રસાલો ક્યાંક મહેમાનગત માણવા પણ કદાચ ગયો હોય. હવે તો જરૂર તરત પાછા આવવા જોઈએ. રાતના વાળુ માટે રસોયાને સૂચના આપી છે એ પ્રમાણે તૈયારી થઈ ગઈ હશે.' ફરાકે જણાવ્યું.

'આજે બપોરથી મારી જમણી આંખ કેમ ફરકતી હશે, બહેન ? કંઈ અશુભ સમાચાર તો નહિ આવે ને ? આજે કુંવર ફૂલને પણ અસુખ લાગે છે ! સવારથી રોયા કરે છે. તું ધવરાવે છે ત્યારે જ છાનો રહે છે અને પારણામાં થોડી વાર માટે જંપે છે.'

'એ તો બાળક છે, બા ! કોઈ વાર નરમ-ગરમ તબિયત રહે. એમને કોઈ રોગ નથી. આપે અપશુકનની કે એવી કોઈ બીક રાખવી નહિ. આપને બીમારી આવી અને તબિયત બહુ જ નરમ રહી તેથી શરીરમાં અશક્તિ આવી ગઈ છે અને તેથી આંખો અને બીજાં અંગોને થોડી તકલીફ રહે. જુઓ, કુંવર તો ઊંઘી ગયા અને શાંતિથી પારણામાં પોઢ્યા છે. હું હવે જરા મારે ઘેર જઈ આવું. મારો દીકરો કદાચ ઊઠ્યો હશે. એને ધવરાવીને ટાઢો કરી આવું. મારો ધણી પણ આજે શિકારના રસાલામાં મહારાજની સાથે એમના અંગરક્ષક તરીકે ગયો છે એટલે ઘરમાં બીજું કોઈ નથી. પગી પચાણની વહુ પાસે જ રહે છે તેને ભલામણ કરી આવી છું.'

ધાત્રી ફરાક રાજગઢમાં આવેલ પોતાને ઘેર ગઈ.

વિક્રમની દસમી સદીનો ચોથો દાયકો ચાલતો હતો. ગુજરાતના ઉત્તરના સારસ્વતમંડલમાં મહારાજ વનરાજે ચાવડા વંશની સત્તા વર્ષો પૂર્વે સ્થાપી હતી, પણ દક્ષિણનો લાટ પ્રદેશ હજી ચાલુક્યોની સત્તા નીચે હતો. વલભીના મૈત્રકોના શાસનકાલમાં 'કચ્છમંડલ' તરીકે ઓળખાતા કચ્છ પ્રદેશમાં પશ્ચિમે પાટગઢના સત્તાવીશ વાઘમ ચાવડા, મધ્યમાં ગૂંતરીમાં શાસક સાંધ-સોલંકી તથા પૂર્વના વાગડ પ્રદેશમાં સત્તાધારી ધરણ વાઘેલાને યુદ્ધમાં હરાવીને સિંધના નગર સમૈથી આવેલ સમા જામ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોડ તથા મનાઈ નામના ભાઈઓએ કચ્છમાં થોડાં વર્ષો થયાં પોતાની સત્તા સ્થાપી હતી. પાટગઢ પાસે આજુબાજુનો પ્રદેશ મનાઈની સત્તા નીચે હતો, જ્યારે ગૂંતરી તથા પૂર્વનો પ્રદેશ મોડની સત્તા નીચે હતો, ધરણ વાઘેલાની સત્તા પહેલાં સિકરા તથા પૂર્વના તમામ વાગડ પ્રદેશ પર હતી, પરંતુ મોડ સાથેના યુદ્ધમાં એની હાર થઈ ત્યારે એણે પોતાની નાની બહેનને મોડના પુત્ર સાડ સાથે પરણાવી અને તેથી ગેડી તથા એની પૂર્વનો પ્રદેશ ધરણની સત્તા નીચે રહેવા દઈને બાકીના પ્રદેશમાં મોડે પોતાની સત્તા સ્થાપી હતી. દક્ષિણ કચ્છમાં આવેલ ભદ્રાવતી બંદર તથા નજીકનો પ્રદેશ હજી ચાવડા વંશના કબજામાં હોવાથી એના પર નજર રહી શકે તથા પોતાના કબજાના પ્રદેશનો વહીવટ બરાબર સંભાળી શકાય એ માટે જામ મોડે પોતાની રાજધાની ગૂંતરીમાંથી ખસેડીને સિકરાથી છ સાત કોસ દૂર કાગનોરા ડુંગર તથા મણિધાર પાસેના પ્રદેશમાં આવેલ એક વિશાળ ટેકરા પર કોટ બાંધીને ત્યાં પોતાની રાજધાની સ્થાપી હતી. આ ટેકરા પર એક જગ્યાએ યોગી કંથડનાથ તપ કરતા તથી એ કંથકોટ તરીકે ઓળખાતો હતો. મોડના પુત્ર જામ સાડે કંથડનાથના શિષ્ય ભરતુનાથની કૃપા પ્રાપ્ત કરી હતી.

થોડી વાર બાદ અંધકાર ચોમેર ફેલાઈ ગયો. દીવાબત્તી પ્રકટાવાયાં હતાં, એટલામાં ધાત્રી ફૂરાક ગભરામણમાં, એકદમ ભયભીત બનેલ સ્થિતિમાં પોતાના નિદ્રાધીન થયેલ બાળકને હાથમાં લઈને રાજ-મહાલયમાં મહારાણીના ખંડમાં આવી અને એમની પાસે ઉતાવળે, પણ બીજા કોઈ ન સાંભળે એવી રીતે, ચૂપકીદીથી બોલવા લાગી :

'હાય, હાય, બા! બહુ ખોટું થયું છે! મારો ધણી હમણાં જ બહારથી આવ્યો અને કહે છે કે ધરણ વાઘેલાએ કાગનોરા ડુંગર પાસે લાગ જોઈને મહારાજને પાછળથી તલવારના પ્રહાર કરીને દગાથી મારી નાખ્યા છે. એના માણસો પહેલાંથી ડુંગરામાં છુપાઈ રહ્યા હતા. તેઓએ આપણા માણસો પર ઓચિંતો હુમલો કરીને લગભગ બધાને કાપી નાખ્યા છે. મારો ધણી જેમતેમ બચી ગયો છે તે ઉતાવળે અહીં ખબર પહોંચાડવા વહેલો આવી ગયો છે અને ધરણ વાઘેલો પોતાના માણસો સાથે કંથકોટ કબજે કરવા માટે તાબડતોબ અહીં આવી રહ્યો છે. એ મહારાજ તથા એમના વંશવાર-સોને ખતમ કરી નાખવા માગે છે એમ પણ બોલતો હતો. મારો ધણી જરા ઘવાયો છે તેથી ઘેર છે અને હું તાબડતોબ અહીં ખબર દેવા આવી છું. કુંવરશ્રીનો જાન જોખમમાં છે અને એમને બચાવ-વાની જરૂર છે, નહિ તો આપની હાજરીમાં જ ધરણ એને મારી નાખશે. મારા દીકરાને તેથી હું અહીં લાવી છું. એને કુંવરનો પોશાક તથા દાગીના પહેરાવીને પારણામાં સુવડાવી દઈ એ કુંવરને હું મારે ઘેર લઈ જાઉં છું. એનું માદળિયું તથા રાજમુદ્રા મને આપી દો. કુમારને બચાવવા હું એમને બીજા દેશમાં લઈ જઈશ. તમને ધરણ કંઈ નહિ કરે. તમે મને પછી આવી મળજો, મારો ધણી મારા સાથે આવશે. તમે ઉતાવળ કરો.'

'હેં! શી વાત છે? એ કેમ બને?' રાણીએ ચોંકી જઈને પૂછ્યું,

'વાત કરવાનો સમય નથી, બા! ઉતાવળ કરો.'

'હે ભગવાન! આ શું થઈ ગયું!' રાણીએ નિઃશ્વાસ મૂક્યો.

'હવે વખત નથી, બા! મને કુમાર સોંપી દો.'

'મારા દીકરાનું શું કામ છે? ભલે એ અહીં રહે. એનો વાળ પણ વાંકો નહિ થવા દઉં. ધરણને આવવા દે, હું જોઈ લઈશ!' રાણીએ ઉશ્કેરાઈને જણાવ્યું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'હઠ નહિ કરો, બા ! ધરણુ લોહી–તરસ્યો બન્યો છે. મને કુંવરના જીવની ચિંતા છે. જો એ હત્યા નહિ કરે તો મારો પુત્ર બચી જશે. ખોટું જોખમ નથી ખેડવું. તમે છેવટ સુધી એની સામે પડકાર કરશો તો એને વહેમ નહિ જાય કે પારણામાં પોઢ્યો છે તે મારો દીકરો છે.'

'હે ભગવાન ! આ શું થઈ ગયું ! !' રાણી રડવા લાગી. ધાત્રીએ પારણામાં પોઢેલ રાજકુમારને ઊંચકીને, એણે પહેરેલ કપડાં તથા દાગીના ઉતારીને પોતાના ઊંઘતા બાળકને પહેરાવી દીધા તથા એને પારણામાં સુવાડી દીધો. પછી ઊંઘતા રાજકુમારને ઉઠાવીને, એનું માદળિયું તથા રાજમુદ્રા લઈને એ ત્યાંથી એકદમ સડસડાટ બહાર નીકળી ગઈ.

'હું હમણાં જ પાછી આવું છું. તમે નચિંત રહેજો. કુમારશ્રીને હું મારા ધણીને સોંપતી આવું છું. ધરણુ અમારા ઘર સુધી નહિ આવે. મોડી રાતે અમે સંભાળથી બહાર સલામત નીકળી જઈશું.' બહાર જવા પહેલાં એ બોલતી ગઈ.

દૂરથી મસાલો દેખાવા લાગી. માણસો કૂચ કરતા રાજમહેલ પર આવતા હોય એવા અવાજ દૂરથી સંભળાતા હતા.

થોડી વારે ધાત્રી ફરીક રાણીના ખંડમાં પાછી આવી ગઈ એટલામાં મસાલો સાથે કેટલાક માણસ રાજમહેલની અંદર આવ્યા, ધરણુ વાઘેલો તથા બે શસ્ત્રસજ્જ માણસો રાણીના ખંડમા પેઠા.

'કોણ છે ?' રાણીએ અંદરથી પૂછ્યું.

'હું છું, બહેન ! આજે મારા વેરનો બદલો લીધો. નાની ઉંમરે મારે એ જુલમી મોડના દીકરા સાથે તને પરણાવવી પડી હતી. હવે આપણે મુક્ત છીએ.' ધરણે ઠાવકાઈથી કહ્યું.

'તું શું બકે છે ? મારા ધણી ક્યાં છે?' રાણીએ ગુસ્સાથી પૂછ્યું.

'એ તો યમસદનમાં પહોંચી ગયો.' ધરણે મ્લાન હાસ્ય કર્યું.

'હેં ? આવો દગો ? દૂધ પીને ડંખ દીધો, પાપી ?' રાણીએ દુઃખમાં શોકગ્રસ્ત બની ઉદ્ગાર કાઢ્યા,

'હ...હ ! તું શા માટે ચિંતા કરે છે ? તારી હજી ક્યાં ઉંમર છે? તને બીજા મોટા રાજા સાથે પરણાવીશ. તું બહુ સુખી થઈશ. એ પરદેશી સિંધીને મારી નાખ્યો. હવે આ બધો મુલક પાછો મારી માલિકીનો થયો. તને મોટા રાજા સાથે પરણાવીશ. તને તેમજ મને એથી લાભ જ થશે.' ધરણે નફટાઈથી કહ્યું.

'મારા દેહનો સોદો કરવા માગે છે, દુષ્ટ ! શરમ નથી આવતી ? ક્યાં છે મારા પતિ ? એ બચાવા હોય તો મને સોંપી દે. હું એમની સારવાર કરીને એમને ઉગારી લઈશ. અમે ચાલ્યા જઈશું. મને એમની સાથે જવા દે. ભલે રાજ બધું તું ભોગવજે. તને પગે લાગું છું. એટલી દયા કર, ભાઈ !' રાણી કરગરવા લાગી,

'હ...! હ...!! એ તો ક્યારનો મૃત્યુ પામ્યો. તારો દીકરો ક્યાં છે ? હું એ પરદેશી સિંધીનું મૂળ ઉખેડી નાખીશ ત્યારે જંપીશ.' ધરણે તલવાર મ્યાનમાંથી બહાર કાઢી અને કર્કશ સ્વરે અટ્ટ–હાસ્ય કર્યું.

'શું કહ્યું ! મારો દીકરો જોઈએ છે ! એણે તારું શું બગાડ્યું છે ? અમને જવા દે, ભાઈ ! ભાઈ!' રાણીએ આજીજી કરી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'એના દાદા મોડે મામા વાઘમ ચાવડાને દગાથી માર્યો. એ સાપના વંશવેલાને જીવતો ન રખાય, મારે એ કાંટો હંમેશ માટે દૂર કરવો છે. આથી ખસ, છોકરાને ખતમ કરવો છે.' ધરણે ધમકી ઉચ્ચારી નિશ્ચય જણાવ્યો.

'તારી આ હિંમત? હું પણ જોઉં છું કે તું શું કરે છે!' રાણી છંછેડાયેલ સિંહણ જેમ પડકાર કરી આગળ વધી.

'હા...! હા...!! તું પણ જોજે.' ધરણ આગળ વધ્યો.

'દયા કરો, મહારાજ!' ફરાકે દૂરથી રાજાને વિનંતી કરી.

'કોણ છે તું? ચાલી જા, દાસી! ચાલતી થા અહીંથી.'

ધરણે આગળ વધીને પારણામાંથી બાળકને ઊંચકવા ડાબો હાથ લંબાવ્યો. એના જમણા હાથમાં ખુલ્લી તલવાર હતી. એણે હાથ ઊંચો કર્યો.

'દુષ્ટ! પાપી! તારું નખ્ખોદ જાય. તું પણ હવે જોઈ લે.' રાણીએ કમરમાંથી કટાર બહાર કાઢી અને ધરણ તરફ આગળ વધી. ધરણે તરત તલવારનો પ્રહાર કર્યો એનો ઘા સીધો રાણીના પેટમાં ઊંડો પેસી ગયો. રાણી ગંભીર રીતે ઘવાઈને ભોંય પડી.

'મૂરખ...! મારા કામમાં વચ્ચે આવવું છે?'

ધરણે પારણામાં ગાઢ નિદ્રામાં પોઢેલ બાળકને ત્યાંથી ડાબે હાથે ઊંચક્યો અને જમણા હાથમાં તલવાર હતી તે વડે તરત જ એના બે ટુકડા કરી નાખ્યા. ફરાકને કમકમા આવ્યાં. રાણી ઘવાઈને જમીન પર પડી હતી ત્યાં એની સંભાળ લેવા ગઈ. રાણીને થયેલો ઘા ઊંડો હતો અને જખમ ઘણો જ ગંભીર હતો. એણે થોડી વારમાં ત્યાં જ પ્રાણ છોડ્યા,

'વેરસી! આ લાસોને અહીંથી ખસેડીને એની વ્યવસ્થા કરો. વીરમ! તું અહીંનાં દાસ-દાસીઓને ખબર આપી દે કે સવારનાં સૂરજ ઊગે એ પહેલાં જ એઓ અહીંથી બહાર ચાલ્યાં જાય, રાજગઢ ખાલી કરી જાય, નહિ તો કાલે એ બધાં લોકોને કેદ કરીને મારી નાખવાની જરૂર પડશે. મહેલનો કબજો કરી લો.' ધરણે ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને હુકમ આપ્યો.

ધાત્રી ફરાક તથા એનો પતિ રાયમલ બાળ રાજકુમારને એ રાત્રે જ પોતાની સાથે લઈને રાજગઢની બહાર નીકળી ગયાં. ધરણને ખાત્રી હતી કે રાજકુંવરને મારી નાખ્યો છે તેથી એણે કંઈ વધુ તપાસ કરી નહિ. રાજા સાડની રાણી તથા રાજકુંવરના વેશમાં શહીદ બનેલ ધાત્રી ફરાકના કુંવરની લાસોને અંતિમસંસ્કાર કરાવાયા. ધરણે કંથકોટનો કિલ્લો કબજે કર્યો.

ધાત્રી ફરાક તથા એનો પતિ રાજકુમારને લઈને ત્યાંથી ચોબારીના રસ્તેથી ખડીર પહોંચ્યા અને ત્યાંથી સિંધમાં ગયાં. ત્યાં થોડાં વરસ સુધી બાળ કુમાર ફૂલને એઓએ જાતમહેનત કરીને ઉછેર્યો. એ શસ્ત્રવિદ્યા શીખ્યો, દક્ષિણપૂર્વના સિંધુપતિ ધલૂરાના રાજ્યમાં નોકરીમાં જોડાયો. રાજા ધલૂરાનો એ પ્રીતિપાત્ર બન્યો અને એનાં લશ્કરી સહાય મેળવીને તથા અજા અને અણુધોર નામે ભાઈઓને સલાહકાર તરીકે સાથે લઈને એ કચ્છમાં પાછો આવ્યો. રાયમલ મૃત્યુ પામ્યો હતો તેથી જેને એ માતા-સમાન સમજતો હતો તે ફરાકને પણ પોતાની સાથે લાવ્યો. ધરણ સાથે યુદ્ધ કરીને એને હરાવ્યો તથા કંથકોટનો પ્રદેશ ફરીથી કબજે કર્યો. ધરણે પોતાની પુત્રી એની સાથે પરણાવી. જામ ફૂલે ધાત્રી ફરાક ઉર્ફે ઝીંકડીની યાદમાં એક ગામ વસાવ્યું, જે આજે પણ 'ઝીંકડી'નામથી ઓળખાય છે.

ઠે. ગંગાબજાર, અંજાર-૩૭૦૧૧૦



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌરાષ્ટ્રના કિલ્લા*

[સંરક્ષણવ્યવસ્થાના ઐતિહાસિક સંદર્ભમાં] ડૉ. એસ. વી. જાની

વિશ્વમાં અત્યંત પ્રાચીન કાલથી શત્રુઓથી રક્ષણ કરવા માટે દુર્ગ(કિલ્લા)નું નિર્માણ કરવામાં આવતું હોવાના ઉલ્લેખ મળે છે. પ્રાચીન કાલમાં ગામ શહેર કે વેપારી કેન્દ્રની સુરક્ષા માટે દુર્ગ કે કિલ્લા બનાવવામાં આવતા હતા. મધ્યયુગમાં પણ એનું મહત્ત્વ ચાલુ રહ્યું હતું, પરંતુ આધુનિક યુગમાં અણુશસ્ત્રોના પ્રયોગ સાથે કિલ્લાઓની ઉપયોગિતા નહિવત્ બની ગઈ છે, છતાં એ હકીકત છે કે પ્રાચીન કાલમાં મહદ્ અંશે અને મધ્ય યુગમાં આંશિક રીતે કિલ્લા એ સંરક્ષણ-વ્યવસ્થાનું એક મહત્ત્વનું અંગ હતા.

લશ્કરી ઇતિહાસનાં પ્રારંભિક વર્ષોમાં આક્રમણ કરતાં સંરક્ષણને વધુ મહત્ત્વનું ગણવામાં આવતું હતું તેથી કિલ્લા મોટે ભાગે શ્રેષ્ઠ આક્રમક સેનાને પણ મહિનાઓ કે વર્ષો સુધી રોકી રાખવા માટે બનાવવામાં આવતા હતા. દારૂગોળાની શોધ થયા પહેલાં મધ્યકાલ સુધી કિલ્લા અભેદ્ય ગણાતા હતા અને એ સુરક્ષાનાં શ્રેષ્ઠ સાધન હતા.[1] મધ્યયુગમાં સામંતો અને જાગીરદારો પોતાના પ્રદેશ કે જાગીરના રક્ષણ માટે કિલ્લા બંધાવતા હતા. આધુનિક યુગના પ્રારંભમાં પણ બૂરજોવાળા કે કોઠા-વાળા કિલ્લા બનાવવામાં આવતા હતા. લશ્કરી છાવણીઓમાં પણ યુદ્ધસ્થળ ઉપર ક્ષેત્રીય દુર્ગ પણ બનાવવામાં આવતા હતા. દા.ત. રોમના જુલિયસ સીઝરે ગોલ પ્રદેશ ઉપરના આક્રમણ સમયે ૧૪ માઈલ લાંબી દીવાલ બનાવી હતી[2] અને અઢારમી સદીમાં પણ અમેરિકાના સ્વાતંત્ર્યસંગ્રામ સમયે બન્કહિલની લડાઈમાં પણ યુદ્ધસ્થળે કિલ્લેબંધી કરીને ખાઈઓ ખોદવામાં આવી હતી. વીસમી સદીના પ્રારંભે તો સ્થાયી કિલ્લાઓને "સિમેન્ટ કોંક્રિટનાં બનેલા યુદ્ધજહાજ" માનવામાં આવતા હતા.[3]

ભારતવર્ષમાં પણ અત્યંત પ્રાચીન કાલથી દુર્ગ કે કિલ્લાને રાજ્યનું એક મહત્ત્વનું અંગ માન-વામાં આવતો હતો. કૌટિલ્યે રાજ્યનાં જે સાત અંગ (સ્વામી અમાત્ય જનપદ દુર્ગ કોશ બલ અને મિત્ર) ગણાવ્યાં છે તેઓમાં દુર્ગનું સ્થાન ચોથું હતું. એ એમ માનતો હતો કે રાજ્યનાં અસ્તિત્વ અને વિકાસ માટે કિલ્લા જરૂરી છે.[4] કૌટિલ્યે નોંધ્યું છે કે રાજાએ પોતાની રાજધાનીની સીમાઓ ઉપર ચારે દિશાઓમાં સુદૃઢ દુર્ગ બનાવવા જોઈએ, કારણ કે જે રાજાના દુર્ગ સુદૃઢ હોય છે તેને હરાવવાનું કાર્ય મુશ્કેલ હોય છે. વળી જ્યાં ઓછી મહેનત અને ઓછા ખર્ચે સરળતાથી દુર્ગ બની શકે ત્યાં એનું નિર્માણ કરવું જોઈએ. એ એમ પણ લખે છે કે રાજાનું નિવાસસ્થાન એટલે કે રાજ-મહેલ રાજધાનીની મધ્યમાં બનાવવો જોઈએ અને રાજધાનીની ચારે બાજુઓને કિલ્લાથી સુરક્ષિત બનાવવી જોઈએ. આમ દુર્ગોને રાજ્યનું એક અત્યંત મહત્ત્વનું અને ઉપયોગી અંગ માનવામાં આવતા હતા. કૌટિલ્યે દુર્ગના મુખ્ય ચાર પ્રકાર દર્શાવ્યા છે :

(૧) ઔદક દુર્ગ (ચારે બાજુ પાણીથી ઘેરાયેલા દ્વીપ-સમાન)

(૨) પર્વતીય દુર્ગ

(૩) ધાન્વન દુર્ગ (ઉજ્જડ પ્રદેશમાં આવેલો દુર્ગ)

(૪) વનદુર્ગ.

સૌરાષ્ટ્રમાં પણ અતિ પ્રાચીન કાલથી દુર્ગ બનાવવામાં આવતા હતા, પરંતુ સૌરાષ્ટ્રના મોટા ભાગના કિલ્લાઓનું નિર્માણ મધ્ય અને આધુનિક યુગમાં થયું છે. આજથી લગભગ ૧૫૦ વર્ષ પહેલાં

*સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિ. પરિ.ના જૂનાગઢ જ્ઞાનસત્રમાં વંચાયેલો નિબંધ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(ઈ. સ. ૧૮૪૯ માં) કાઠિયાવાડના બ્રિટિશ પોલિટિકલ એજન્ટ લેફ. કર્નલ ડબલ્યૂ લેન્ગે કાઠિયવાડનાં કિલ્લાવાળાં સ્થળોની એક યાદી બનાવી હતી તે યાદી અનુસાર સૌરાષ્ટ્રમાં કુલ ૯૨૧ એવાં સ્થળ હતાં કે જ્યાં રાજા યા તાલુકદારનાં કિલ્લેબંધ નિવાસસ્થાન હતાં અને ૭૯ શહેર એવાં હતાં કે જેમાં ઊંચી દીવાલો અને કોઠાવાળા કિલ્લા હતા. આ ૭૯ કિલ્લાઓમાંથી મુખ્ય અને મહત્ત્વનાં આ શહેરો હતાં : જૂનાગઢ પ્રભાસપાટણ પોરબંદર માંગરોળ. દીવ રાજકોટ જામનગર બાલંભા મોડપર પોશીતરા ધ્રાંગધ્રા ભાવનગર શિહોર હળવદ નવાગઢ ગોંડળ અમરેલી મોરબી જાફરાબાદ ઝીંઝુવાડા લીંબડી વાંકાનેર લખતર સાયલા સાવરકુંડલા પાલિતાણા વગેરે.[૫]

સૌરાષ્ટ્રનો સૌથી પ્રાચીન કિલ્લો જૂનાગઢના ઉપરકોટને માનવામાં આવે છે. દીવાન રણછોડજીએ પોતાના ગ્રંથ "તારીખે સોરઠ વ હાલાર"માં લખ્યું છે કે "કાલયવનના ભયથી જ્યારે યાદવો સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે યાદવોના રાજા ઉગ્રસેને એક કિલ્લો બંધાવ્યો હતો, એમ કહેવાય છે, તેનું નામ ઉગ્રસેનગઢ રાખવામાં આવ્યું હતું. એનો અપભ્રંશ થઈને જ ઉપરકોટ બન્યું હોવાનું મનાય છે. આ નામ આજે પણ પ્રચલિત છે."[૬] "મિરાતે સિકંદરી" ગ્રંથ એને "જહાંપનાહનો કિલ્લો" કહે છે, જ્યારે ફરિશ્તા એને "મહાબલિયાહ" કહે છે.[૭] મહમદ બેગડાએ જૂનાગઢ જીતી એનું નામ 'મુસ્તફાબાદ' રાખ્યું ત્યારે એણે ઉપરકોટને 'જહાંપનાહ' નામ આપ્યું હશે. શ્રી શંભુપ્રસાદ દેસાઈ નોંધે છે કે ઉગ્રસેનગઢ તે ઉપરકોટ એ અનુમાન કરવા માટે કોઈ આધારલાયક વિશ્વાસપાત્ર ભૂમિકા નથી, પરંતુ જો એનું મૂળ નામ ઉગ્રસેનગઢ હોય તો એમાંથી ઉગ્ર, ઉગરગઢ થયું અને એમાંથી ઉપરકોટ થયું એમ માનવાનો બાધ નથી,[૮] પણ આ વ્યુત્પત્તિને દૃષ્ટિએ યોગ્ય નથી એવો શ્રી કે. કા. શાસ્ત્રીનો અભિપ્રાય છે.

મુઘલ શાસનમાં જૂનાગઢ એ સૌરાષ્ટ્ર પ્રદેશનું વહીવટી એકમ હતું અને 'તારીખે સોરઠ'ના વર્ણન પ્રમાણે મુઘલ બાદશાહના સૂબેદાર ઈસાખાને ઈ. સ. ૧૬૩૩ માં જૂનાગઢ શહેરની ચારે બાજુ કિલ્લો બંધાવ્યો હતો, જેમાં ૧૧૪ કોઠા અને ૯ દરવાજા હતા. આમાંના પાંચ દરવાજા બંધ રહેતા હતા અને ચાર ખુલ્લા રહેતા હતા.[૯] ઈ. સ. ૧૬૬૨ માં મિરઝા ઈસાતારખાને આ કિલ્લો ફરીથી બંધાવ્યો હતો. ઔરંગઝેબના સૂબેદાર અમીનખાને પણ ઉપરકોટના કિલ્લાનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ઉપરકોટના બહારના દરવાજાની પ્રાચીન કમાન હિંદુ તોરણનું સુંદર પ્રતીક છે.[૧૦] ઉપરકોટમાં પગથિયાંવાળા બે કૂવા પણ છે : (૧) અડીચડીની વાવ (રા' નવઘણની દાસીઓના નામે બંધાયેલ) ૧૫ મી સદીમાં અને (૨) નવઘણ-કૂવો (રા' નવઘણે બંધાવેલો). કહેવાય છે કે જ્યારે સિદ્ધરાજે જૂનાગઢને ઘેરો ઘાલ્યો હતો ત્યારે બાર વર્ષ સુધી આ કિલ્લામાં રહીને જ રા' ખેંગારે એનો સામનો કર્યો હતો ત્યારે આ વાવ અને કૂવામાંથી જ એમની પાણીની જરૂરિયાત પૂરી કરવામાં આવી હતી.

જૂનાગઢથી દક્ષિણમાં જરા દૂર સમુદ્રકાંઠે આવેલા પ્રભાસપાટણમાં (જ્યાં સોમનાથનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે ત્યાં) બીજો મહત્ત્વનો દુર્ગ હતો. અલબરૂનીના મતાનુસાર મહમદ ગઝનવીના આક્રમણ સમયે સોમનાથમાં એક નાનો કિલ્લો હતો કે જે માત્ર એકસો વર્ષ જૂનો હતો, પરંતુ આ આક્રમણ પછી મોટા કિલ્લાની જરૂરિયાત સમજાઈ. કુમારપાળે સોમનાથનું મંદિર બંધાવ્યું અને ભાવ બૃહસ્પતિએ લગભગ બારમી સદીમાં ત્યાં કિલ્લો બંધાવ્યો હતો એ નિર્વિવાદ છે. ઈ. સ. ૧૭૪૭ માં નિયમતખાન લોદીએ આ કિલ્લાનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, જેની સ્મૃતિમાં આ કિલ્લાના એક કોઠાનું નામ "લોદી બૂર્જ" રાખવામાં આવ્યું હતું. પ્રભાસના કિલ્લાનું ક્ષેત્રફળ લગભગ ૧૦ એકર હતું અને દીવાલની કુલ ઊંચાઈ ૩૭ ફૂટ તથા પહોળાઈ પાયામાં ૧૪ ફૂટ અને ઉપર ૩ ફૂટ હતી. દુર્ગનું સિંહદ્વાર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂર્વ તરફ છે. કિલ્લાની ચારે બાજુ ખાઈઓમાં પાણી ભરવામાં આવતું. કિલ્લામાંથી છુપાઈને ભાગી જવા માટે નાઠાબારી તરીકે એક બોયરું પણ હતું.

જૂનાગઢ જિલ્લામાં જ પોરબંદરનો કિલ્લો પણ પ્રસિદ્ધ છે. કિલ્લાના પાંચ દરવાજા હતા: છાયા દરવાજો, બોખીરા દરવાજો, વીરડી દરવાજો, બંદર દરવાજો અને સ્મશાન-ખડકી. કિલ્લાની દીવાલ એટલી વિશાળ અને પહોળી હતી કે નગરજનો જન્માષ્ટમી જેવા તહેવારના દિવસોમાં ત્યાં ફરવા નીકળતા અને નગર-પ્રદક્ષિણા કરતાં. કિલ્લાની બહાર ખાઈઓમાં પાણી ભરવામાં આવતું. કિલ્લામાં ઘણા સારા કોઠા હતા. એના ઉપર તોપ અને બંદૂકધારી ચોકીઓ હતી. એમાં જંજાળિયો અને કંદીલિયો કોઠા સૌથી મોટા કોઠા હતા.[11]

માંગરોળમાં ઈ. સ. ૧૩૯૫ માં એક કિલ્લો બનાવવામાં આવેલો. બીજે જ વર્ષે કોટવાલ મલેક મૂસાએ કિલ્લામાં ગાદી દરવાજે નાકે લોખંડનાં કમાડ મુકાવ્યાં હતાં.[12]

સૌરાષ્ટ્રમાં દીવમાં પણ એક મોટો કિલ્લો છે. પુરાણો અનુસાર જાલંધરને પરાજિત કરવા માટે ભગવાન વિષ્ણુએ આ જગ્યાએ જ જાલંધરનું રૂપ ધારણ કરી વૃંદાનું સતીત્વ નષ્ટ કર્યું હતું અને વૃંદાએ વિષ્ણુને શાપ આપ્યો હતો.[13] પૌરાણિક મહત્ત્વ ધરાવતા આ શહેરમાં ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાના નૌકા-સેનાપતિ મલેક અયાઝે એક કિલ્લો બંધાવ્યો હતો. દીવ એક દ્વીપ છે તેથી અહીં પાણીની નીચેના ખડકો ઉપર કોઠા ઊભા કરીને કોઠા તથા કિલ્લાની દીવાલો વચ્ચે લોખંડની સાંકળો બાંધીને કિલ્લો બનાવવામાં આવ્યો હતો તેથી એને 'સાંકળ કોટ' નામ આપવામાં આવ્યું હતું. પછીથી સોળમી સદીમાં પોર્ચુગીઝ ગવર્નર નુના-દ-કુન્હાએ અહીં કિલ્લો બંધાવ્યો હતો અને એના એક કોટાનું નામ 'સાન ડિયાગો' રાખવામાં આવ્યું હતું.[14] ગુજરાતનો સુલતાન બહાદુરશાહ બીજો આ કિલ્લાની ઈર્ષ્યા કરતો અને આ કિલ્લા ઉપર પોર્ચુગીઝોએ રાખેલી તોપ લેવા એ દીવ ગયો ત્યારે એનું ખૂન કરવામાં આવ્યું હતું. અહીંથી જ પોર્ચુગીઝોએ તાંબાની તોપો પોતાના દેશ પોર્ચુગાલ લઈ જઈને સેન્ટ જુલિયનના કિલ્લામાં રાખી હતી અને એનું નામ 'દીવની તોપ' રાખ્યું હતું.

ઈ. સ. ૧૭૨૦ માં જૂનાગઢના નાયબ ફોજદાર માસૂમખાને રાજકોટના રાજા મહેરામણજીને મારી નાખીને રાજકોટ જીતી લીધું. અહીં એણે એક કિલ્લો પણ બંધાવ્યો હતો અને એનું નામ 'માસૂમાબાદ' પાડ્યું હતું, પરંતુ ઈ.સ. ૧૭૩૨ માં મહેરામણજીના પુત્ર રણમલજીએ માસૂમખાનને મારીને રાજકોટ જીતી લીધું. આમ રાજકોટનો કિલ્લો જૂનો છે.[15]

જાડેજા રાજપૂતોનું પ્રસિદ્ધ રાજ્ય જામનગરમાં હતું તે શહેરની આસપાસ પણ એ રાજ્યના દીવાન મેરામણ ખવાસે ઈ.સ. ૧૭૮૮ માં કિલ્લો બંધાવ્યો હતો. ત્યાર પછી ઈ. સ. ૧૮૩૯-૪૫ ના સમયગાળા દરમ્યાન દુષ્કાળપીડિત લોકોને સહાય કરવા માટે રાહતકાર્ય-રૂપે એક લાખ રૂપિયાના ખર્ચે લાખોટા અને કોઠાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. લાખોટા મહેલ પાણીથી ભરેલા તળાવની વચ્ચે છે, જ્યાં લગભગ એક હજાર સૈનિકો દુશ્મનના લશ્કરનો મુકાબલો કરી શકે, જ્યારે કોઠો તળાવના કિનારે બાંધવામાં આવ્યો હતો.[16] જૂના સ્થાપત્યનો એ એક અદ્ભુત નમૂનો છે. જામનગર રાજ્યના બાલંભા ગામમાં પણ 'તારીખે સોરઠ' અનુસાર કચ્છના જાડેજા રાજવી રાવ દેશળજીએ ઈ.સ. ૧૭૧૪ માં કિલ્લો બંધાવ્યો હતો. પછી ૭૦ વર્ષ પછી જામનગરના દીવાન મેરામણ ખવાસે કચ્છના રાવને હરાવીને આ કિલ્લો મેળવી લીધો હતો અને એનું વિસ્તરણ પણ કર્યું હતું.[17] બાલંભા પાસે આવેલા જોડિયાના બંદરી શહેરમાં પણ નિરીક્ષણ-કોઠાઓવાળો કિલ્લો છે. એને મેરામણ ખવાસ અને સુંદરજી ખત્રીએ સુંદર બનાવવા પ્રયત્ન કર્યા હતા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જામનગર રાજ્યમાં જ બરડા ડુંગરની પૂર્વની ધાર ઉપર ભોડપરનો કિલ્લો પણ દર્શનીય છે તથા આજે પણ એ એક સુરક્ષિત સ્મારક છે. એક અરબે એક અંગ્રેજને ગોળી મારીને આ કિલ્લામાં જામનગરના રાજાનું શરણ લીધું હતું, પરંતુ અંગ્રેજના ખૂની અરબને પકડવા અંગ્રેજ સેનાએ કર્નલ કેનાર્કની સરદારી હેઠળ કૂચ કરતાં જામસાહેબે અંગ્રેજો સાથે સંધિ કરી કિલ્લાનો નાશ કરવાનું વચન આપ્યું હતું, પરંતુ એ શરતોનો પાછળથી જામસાહેબે અમલ કર્યો ન હતો. જામનગર જિલ્લામાં જ ઓખામંડળ વિસ્તારમાં પોશિતરાના કિલ્લાને પણ મહત્ત્વનો ગણાવી શકાય. એ કિલ્લો જામનગરના દીવાન મેરામણ ખવાસે જૂનાગઢના દીવાન અમરજીની મદદથી જીતી લીધો હતો.[૧૮]

ગોહિલવાડમાં ભાવનગર શિહોર સાવરકુંડલા પાલિતાણા મહુવા બોટાદ તળાજા વગેરે સ્થળોએ પણ કિલ્લા છે, જે જોવાલાયક છે. શિહોર (સિંહપુર) ભાવનગર રાજ્યની ઈ.સ. ૧૭૨૩ સુધી રાજધાની હતું તેથી એની સારી રીતે કિલ્લેબંધી કરાઈ હતી. ઈ. સ. ૧૭૨૩ માં ભાવનગર શહેરની સ્થાપના થયા પછી શહેરની મધ્યમાં દરબારગઢ બંધાયો. જૂનાગઢ રાજ્યના કુતિયાણા અને નવાગઢના કિલ્લા નાના છે, પરંતુ ઈ. સ. ૧૯૪૭ માં જૂનાગઢની આરઝી હકૂમતની સેનાએ આ કિલ્લા જીતીને એનો કબજો મેળવી, પોતાના લશ્કરી વિજયમાં છોગું ઉમેરી નવાબી સરકારીની નૈતિક હિંમત તોડી નાખી હતી.

ઝાલાવાડ(સુરેન્દ્રનગર જિલ્લા)માં સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતના મિલનસ્થાન-સમાન ઝીંઝુવાડામાં[૧૯] સીમાઓના રક્ષણ માટે કિલ્લો બંધાવામાં આવ્યો હતો. આ જૂનો કિલ્લો ચતુષ્કોણ આકારનો છે અને એની લંબાઈ પહોળાઈ લગભગ ૧.૫ કિ.મી. છે. એની દીવાલો ૨૦ થી ૩૦ ફૂટ ઊંચી છે. કિલ્લાની ચારે બાજુ ચાર કોઠા છે. ઉપરાંત નગરરક્ષક દેવોનાં પણ શિલ્પ છે કે જે લગભગ ૬.૫ ફૂટ ઊંચાઈનાં છે.[૨૦] કિલ્લાના દરવાજા ઉપર દ્વારપાલની શિલ્પકૃતિઓ લગભગ ૧૨.૫ ફૂટ ઊંચી છે. કિલ્લાની દીવાલ એટલી પહોળી છે કે એના ઉપર એક સાથે બે ઘોડેસવાર ચાલી શકે.[૨૧] કિલ્લાની દીવાલોમાં પણ પથ્થરોમાં સિદ્ધરાજના મંત્રી ઉદાનો શિલાલેખ મળેલ છે. ઝાલાવાડના મુખ્ય શહેર ધ્રાંગધ્રામાં એક જૂનો કિલ્લો છે, જેના ચાર દરવાજા હતા, ઉપરાંત કેટલાક પ્રસિદ્ધ રાજમહેલ પણ છે. હળવદ એક પ્રાચીન શહેર છે. અહીં પણ પહેલાં કિલ્લેબંધી હતી કે જે નાશ પામી છે. હળવદનો એકદંડિયો મહેલ પ્રસિદ્ધ છે.

સૌરાષ્ટ્રમાં સંરક્ષણ-વ્યવસ્થાની દૃષ્ટિએ કિલ્લાનું ખૂબ મહત્ત્વનું સ્થાન હતું. સૌરાષ્ટ્રના કિલ્લા ઈંટ અને પથ્થરના બાંધવામાં આવતા. એના બાંધકામમાં માટી અને ચૂનાનો વિશેષ ઉપયોગ થતો હતો. બંને બાજુ તો પથ્થરની દીવાલો રહેતી, પરંતુ દીવાલોની વચ્ચે ઈંટ અને માટીનું પુરાણ કરવામાં આવતું. મજબૂતીની દૃષ્ટિએ દીવાલો પહોળી રાખવામાં આવતી. દુશ્મનના આગમનના સમાચાર તુરત મેળવવા માટે તથા નિરીક્ષણ કરવા માટે દીવાલોમાં કોઠા બનાવી નિરીક્ષણ-સ્થાન બાંધવામાં આવતાં. કિલ્લામાં આવ-જા કરવા માટે ઓછામાં ઓછો ચારે દિશામાં એક એક દરવાજો રાખવામાં આવતો. એ સવારે ખોલવામાં આવતા અને રાત થતાં બંધ કરી દેવાતા. કિલ્લાની અંદર દરવાજા પાસે સૈનિકોને રાખવાની વ્યવસ્થા હતી. દરવાજો બંધ કરીને એને મજબૂત ભોગળોના મદદથી સુરક્ષિત બનાવવામાં આવતો. દરવાજાના કમાડોમાં અણીદાર મોટા ખીલા જડવામાં આવતા અને હાથી પણ એને તોડી ન શકે એવી વ્યવસ્થા કરવામાં આવતી. દુશ્મનો કિલ્લાના અણીદાર ખીલા જડાવતા દરવાજા તોડવા માટે વચ્ચે ઊંટને રાખી હાથી દ્વારા એ કામ કરાવવામાં આવતું. દરવાજાઓને તોરણ અને મૂર્તિશિલ્પોથી સજાવવામાં આવતા હતા.[૨૨] કિલ્લાની ચારે બાજુ ઊંડી અને પહોળી ખાઈઓ ખોદીને એમાં નદી કે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમુદ્રનું પાણી ભરવામાં આવતું કે જેથી દુશ્મન તાત્કાલિક કિલ્લાની દીવાલ સુધી પણ ન પહોંચી શકે.

નગર-આયોજનમાં પણ સુરક્ષાનું તત્ત્વ ધ્યાનમાં રાખવાનું હોય છે તેથી નગર-આયોજનની દૃષ્ટિએ સૌરાષ્ટ્રના કિલ્લા અને રાજમહેલ જે તે નગરનાં કેન્દ્ર હતા. સૌરાષ્ટ્રમાં નાનાં મોટાં મળીને કુલ ૨૨૨ રજવાડાં હતાં. રજવાડાંઓના રાજવીઓ પોતપોતાના રાજ્યની રાજધાનીને રાજમહેલથી તો સુશોભિત કરતા, ઉપરાંત સાથે સાથે રાજધાની તથા સીમા ઉપરનાં સ્થળોએ સુરક્ષાની દૃષ્ટિએ મજબૂત કિલ્લા પણ બંધાવતા હતા તેથી ભારતના પશ્ચિમમાં આવેલા આ વિસ્તારમાં સ્થાપત્યના ઉત્તમ નમૂના-સમાન અનેક રાજમહેલ તથા કિલ્લા આવેલા છે.

સૌરાષ્ટ્ર પ્રદેશનાં રજવાડાંઓ કરતાં રાજસ્થાનનાં રજવાડાં પ્રમાણમાં મોટાં અને વધુ સમૃદ્ધ હતાં તેથી એમણે ત્યાં ભવ્ય અને વિશાળ રાજમહેલો તથા અભેદ્ય ગણી શકાય તેવા કિલ્લા બંધાવ્યા હતા. સૌરાષ્ટ્રના કિલ્લા રાજસ્થાનના કિલ્લાઓ જેવા અત્યંત વિશાળ અને વિસ્તૃત તો નથી, પરંતુ એ સુંદર દર્શનીય અને સુરક્ષાની દૃષ્ટિએ મહત્ત્વના જરૂર છે, તેથી તો રાજસ્થાનના કિલ્લાઓની સરખામણી અન્ય પ્રદેશના કિલ્લાઓની સાથે કરવામાં આવે ત્યારે કહેવાય છે કે "ગઢમેં ગઢ ચિતોડગઢ, બાકી સબ ગઢેયાં." છતાં એ બાબત નિર્વિવાદ છે કે સૌરાષ્ટ્રના કિલ્લા સૌરાષ્ટ્રની સંરક્ષણ-વ્યવસ્થાની દૃષ્ટિએ મહત્ત્વનાં ઐતિહાસિક સ્મારક છે. સૌરાષ્ટ્રનાં નાનાં મોટાં અનેક શહેરોમાં આવેલા આ કિલ્લાઓનું સંરક્ષણની દૃષ્ટિએ આજના અણુ યુગમાં કાંઈ મહત્ત્વ રહ્યું નથી. કેટલાયે નાશ પામ્યા છે, કેટલાક નાશ પામવાની તૈયારીમાં છે, પરંતુ એમ છતાં એ લશ્કરી ઇતિહાસનાં મહત્ત્વનાં સ્મારક છે.

## પાદટીપ

૧ થી ૩. એવરીમેન્સ એન્સાઇક્લોપીડિયા, વૉ. ૫, પૃ. ૪૦૮-૪૧૨
૪. અલ્તેકર, એ.એસ, પ્રાચીન ભારતીય શાસનપદ્ધતિ, અલાહાબાદ, ૧૯૪૯, પૃ. ૩૨-૩૩
૫. લિસ્ટ ઑફ ફોર્ટિફાઇડ પ્લેઇસીઝ ઇન ધ પ્રોવિન્સ ઑફ કાઠિયાવાડ, લે. કર્નલ ડબલ્યૂ. લેન્ગ, ૧૮૪૯, પૃ. ૩૮૧-૧૪૦
૬-૭ દેસાઈ, શંભુપ્રસાદ હ. જૂનાગઢ અને ગિરનાર, જૂનાગઢ, ૧૯૭૫, પૃ. ૬
૮. એજન, પૃ.૭ ૯. એજન, પૃ. ૧૫
૧૦. જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર, અમદાવાદ, ૧૯૭૫, પૃ. ૮૧૨
૧૧. વોરા મણિભાઈ, પોરબંદર, ૧૯૭૦, પૃ.૧૦-૧૧
૧૨, દેસાઈ, શં.હ., સૌરાષ્ટ્રનો ઇતિહાસ, જૂનાગઢ, ૧૯૬૮, પૃ. ૩૩૯ તથા બોમ્બે ગૅઝેટિયર, વૉ.૮, પૃ. ૫૪
૧૩, એજન પૃ. ૪૯૧ ૧૪. એજન, પૃ. ૪૯૨ અને ૫૦૪
૧૫, રાજકોટ ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર, અમદાવાદ, ૧૯૬૫, પૃ. ૪૦
૧૬, જામનગર ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર, અમદાવાદ, ૧૯૭૦, પૃ. ૬૨૪
૧૭. એજન, પૃ. ૬૧૦ ૧૮. એજન, પૃ. ૮૦
૧૯. સુરેન્દ્રનગર ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર. અમદાવાદ, ૧૯૭૭, પૃ. ૭૨૯ તથા પરીખ અને શાસ્ત્રી (સંપા)- ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ ૪, અમદાવાદ. ૧૯૭૬, પૃ. ૪૧૩
૨૦, ગુજરાતનો રાજ. અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ ૪, પૃ. ૪૧૩-૪૧૪
૨૧. સુરેન્દ્રનગર ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર, અમદાવાદ, ૧૯૭૭, પૃ.૭૨૯
૨૨. ગુજરાતનો રાજ. અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ ૪, પૂર્વાંકિત પુસ્તક, પૃ. ૪૧૩



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌરાષ્ટ્રનો ઇતિહાસ અને વિદેશી લેખકો

શ્રી. શંભુપ્રસાદ હ. દેસાઈ

આપણા વિદ્વાનોમાં એક એવી માન્યતા દૃઢ થઈ ગઈ છે કે પ્રત્યેક સંશોધક લેખક કે વક્તાએ ઇતિહાસના વિષય પર લખવા કે બોલવાનું હોય ત્યારે એમના વિધાનના સમર્થનમાં અનેક પ્રમાણો આપે પણ જ્યાંસુધી કોઈ અંગ્રેજ સાહેબ લોકના નામનો ઉલ્લેખ કરી એના પુસ્તકનો આધાર ન આપે ત્યાંસુધી બધું નિરર્થક છે.

પીએચ. ડી. માટે મહાનિબંધ લખતાં એક ભાઈએ મને કહ્યું કે અમારા ગાઈડ કહે છે કે અંગ્રેજ લેખકોનો આધાર આપો. ગૅઝેટિયરમાં ઇતિહાસનાં પ્રકરણ લખતી વખતે મને પણ આ પ્રમાણે કહેવામાં આવેલું.

પરમાત્માની કૃપાથી અને પૂ. ગાંધીજી જેવાના તપથી, અનેક શહિદોના સ્વાર્પણથી આપણે સ્વતંત્ર થયા, અંગ્રેજો અહીંથી સદાને માટે ગયા, એમ છતાં એનું આપણા ઉપર વર્ચસ હતું એના ઓછાયા નીચે હજી આપણે જીવી રહ્યા છીએ. અંગ્રેજી ભાષા, પાશ્ચાત્ય પદ્ધતિ આદિ ઘણું અવશ્ય અનુકરણ કરવા યોગ્ય છે, પણ અંગ્રેજ વિદ્વાનો જે લખે કે જે કહે તે અંતિમ અને અફર એમ માની લેવું વધારે પડતું છે.

એ વસ્તુ નિર્વિવાદ અને નિઃશંક છે કે આ અંગ્રેજ લેખકોએ આપણા ઇતિહાસનું ખેડાણ ન કર્યું હોત, એમણે જૂનાં જૂનાં પુસ્તકોની હસ્તપ્રતો પ્રાપ્ત કરી એનાં અનુવાદ સંપાદન મુદ્રણ ન કરાવ્યાં હોત તો આજે આપણે જે ઇતિહાસ વાંચીએ છીએ તે વાંચતા ન હોત. એમણે ગાઢ અને અંધારા વનમાં કેડી પાડી, આપણને ચીંધી, આપણે એના ઉપર ચાલ્યા. તે તે સ્થળે મોટા માર્ગ બનાવ્યા, સડકો બનાવી એટલે ખરેખર એઓ ધન્યવાદના અધિકારી છે અને આપણે એમના આભારી છીએ, પરંતુ આપણે એ ન ભૂલવું જોઈએ કે આ અંગ્રેજ વિદ્વાનોએ જે લખ્યું તેના પછી કેટલુંક સંશોધન થયું છે, કેટલીક ગુપ્ત અને અજ્ઞાત હતી તેવી માહિતી આપણા હાથમાં આવી છે અને એઓએ જે લખ્યું તેમાં કેટલો બધો સુધારો કરવાનું આવશ્યક બન્યું છે, ઉમેરો કરવાનું જરૂરી બન્યું છે.

વિશેષમાં આ અંગ્રેજ લેખકોએ આપણા ઇતિહાસનાં જે પુસ્તક લખ્યાં તે લેખકોનું ઇતિહાસના વિષયનું કેટલું જ્ઞાન હતું, એમની શૈક્ષણિક યોગ્યતા શી હતી, એમણે જે માહિતી મેળવી એનું સંકલન કર્યું તે માહિતી તેમજ પૂરી પાડનારાઓનાં જ્ઞાન અને વિદ્વત્તાનું શું પ્રમાણ હતું, એઓ જે જે માહિતી પૂરી પાડે છે તે ક્યાંથી મેળવી, એનાં સાધન શાં હતાં, એ પણ આ અંગ્રેજોનાં વિધાનો જ અંતિમ પ્રમાણ સ્વીકારતાં પહેલાં વિચારવું જોઈએ.

જ્યારે ઇંગ્લેન્ડ ભારતવર્ષને માત્ર સોનાનું એક ઈંડું મૂકતી મુરઘી માનતું હતું અને અહીંની લક્ષ્મી લૂંટાય તેટલી લૂંટી જવા માટે પ્રયત્નશીલ હતું ત્યારે ત્યાંના અંગ્રેજ અધ્યાપકો વિદ્વાનો લેખકો વગેરેને ભારતવર્ષનાં ઇતિહાસ સંસ્કૃતિ કે સભ્યતાનો કાંઈ ખ્યાલ ન હતો. ત્યાંની યુનિવર્સિટી-ઓમાં ભારતીય ભાષા ને ઇતિહાસ શીખવાતાં નહિ. ત્યારે ઇંગ્લેન્ડમાં જે ન ચાલ્યા તેવા જુવાનો મુલ્કી કે લશ્કરી સેવામાં ભારતવર્ષમાં આવ્યા. એમાં શિક્ષણનું પ્રમાણ એમને સંશોધકો કે લેખકો થવામાં સહાયભૂત થાય તેટલું ન હતું. બહુધા એમ જણાય છે કે બોર્ડના હુકમથી કે કોઈની પ્રેરણાથી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ અંગ્રેજ અમલદારોએ ભારતીય વિદ્યાનો એક યા બીજો વિષય સ્વેચ્છાએ સ્વીકારી લીધો અને એમાં સંશોધન અભ્યાસ અને લેખન કરવાનો પ્રારંભ કર્યો. કોઈએ વેદવેદાંગ આદિ ધાર્મિક સાહિત્ય, કોઈએ ઈતિહાસ, કોઈએ સંસ્કૃત ફારસી સાહિત્ય, કોઈએ વન્ય પશુપક્ષી, કોઈએ વનસંપત્તિ, કોઈએ ભૂસ્તરશાસ્ત્ર, તો કોઈએ પુરાતત્ત્વ જેવા વિષય લઈ એમાં ભારતીય વિદ્વાનોની મદદથી અપાર સંશોધન સંકલન સંપાદન કર્યાં.

જ્યાંસુધી સૌરાષ્ટ્રના ઈતિહાસને લાગે વળગે છે ત્યાંસુધી એમ જણાય છે કે સૌરાષ્ટ્ર ઉપર અંગ્રેજોની દૃષ્ટિ ઈ.સ. ૧૮૦૦ પછી પડી.

સૌરાષ્ટ્ર-કચ્છના રાજાઓ, એમનું તંત્ર તથા પ્રજાની સ્થિતિ આદિની તપાસ કરવા ખેડાના કલેકટર કર્નલ વૉકરે મહમદઅલી મુનશી નામના એના ગુપ્તચરને રાજ્યે રાજ્યમાં મોકલ્યો અને એણે આપેલી બાતમી ઉપરથી એણે ઈ.સ ૧૮૦૪ માં બોર્ડ ઑફ ડાયરેક્ટર્સને રિપોર્ટ મોકલ્યો, જેને 'વૉકર રિપોર્ટ'ના નામે આપણે જાણીએ છીએ. એ પછી ઈ.સ. ૧૮૨૨ માં કેપ્ટન મૅકમર્ડોએ કચ્છ અને ઓખામંડળ ઉપર રિપોર્ટ કર્યા અને એક એવી પરંપરા પ્રસ્થાપિત થઈ કે જે પોલિટિકલ એજન્ટ આવે તે કાંઈ ને કાંઈ વિષય ઉપર લખે. આ અમલદારો ગુજરાતી સંસ્કૃત હિન્દી કે ફારસી ભાષા જાણતા નહિ હોય અને કદાચ જાણતા હશે તો ભાંગી તૂટી વ્યવહારમાં ઉપયોગી થાય તે પૂરતી એટલે એમણે એમના ભારતીય અમલદારોની મદદથી ઘણું મળ્યું અને પદ્ધતિસર લખ્યું.

એલેક્ઝાન્ડર કિન્લોક ફૉર્બ્સ નામના એક આઈ.સી.એસ. અધિકારી ઈંગ્લેન્ડ માં ૧૮૨૧ માં જન્મ્યા, ત્યાંની ગ્રામીણ શાળામાં શિક્ષણ લઈ એક આર્કિટેક્ટને ત્યાં નોકર રહ્યા તેમજ ૧૮૪૦ માં મુંબઈમાં વસતા એના કાકા સગાએ મિ. ફાર્બસને મુંબઈ સિવિલ સર્વિસમાં નિમાવ્યા એટલે એ સમયના નિયમ પ્રમાણે પૂના તાલીમી સ્કૂલમાં દાખલ થયા અને આવશ્યક શિક્ષણ મેળવી ૧૮૪૩ માં મુંબઈ આવ્યા, ત્યાંથી એ અમદાવાદના આસી. જજ નિમાયા અને ૧૮૫૩ સુધી અમદાવાદ રહ્યા. આ સમય દરમ્યાન એ પોતે લખે છે તેમ કવિ દલપતરામ ડાહ્યાભાઈ તથા બારોટો ભાટો અને અન્ય વિદ્વાનોની મદદથી રાસ પવાડા વાર્તાઓ એકત્ર કરી અને એનું પદ્ધતિસરનું સંકલન કરી ૧૮૫૬ માં 'રાસમાળા' નામે અંગ્રેજી પુસ્તક લખ્યું, જેનું ગુ. ભાષાંતર ૧૮૬૯ માં રણછોડભાઈ ઉદયરામે કર્યું. આપણે અવશ્ય મિ. ફોર્બ્સના ઋણી છીએ. આપણે ગુજરાતનો ઇતિહાસ છૂટી છૂટી લોકવાર્તાઓમાં લખાઈ ગયો હતો તે એકત્રિત કરી એનું સંકલન તેમ સંપાદન કર્યું. એણે એમ ન કર્યું હોત તો આપણો ઇતિહાસ આવો જ્વલંત અને ગૌરવશાળી છે એ આટલું વહેલું જાણી ન શકાત.

આ પ્રમાણે રાજકોટના કોઠીમાં આવેલા પોલિટિકલ એજન્ટો અહીંના સેનાધિકારીઓ હતા તેમણે પણ ઘણું સંકલન કર્યું. જાસ ખ્યા જમીનવહીવટ ન્યાયતંત્ર મહેસૂલતંત્ર વગેરે ઉપર ૧૮૩૮-૩૯ માં કર્નલ બાઇને, ખેતીવાડી ઉપર મેજર નટે, નાણાં-વેપાર ઉપર મેજર હન્ટરે અને બીજા જુદા જુદા વિષયો, જેવા કે ગીર બરડા ડુંગરોનું વન, કચ્છનું રણ, સમુદ્ર અને સમુદ્રવેપાર ઉપર જુદા જુદા અધિકારીઓએ પુષ્કળ સાહિત્ય એકત્રિત કર્યું.

કેપ્ટન લી ગ્રાન્ડ જેકબે ઓખા અને ગિરનાર ઉપર ૧૮૪૧ માં જાતે ફરીને રિપોર્ટ લખ્યો, એટલું જ નહિ, ૧૮૫૬-૫૭ માં એણે 'વેસ્ટર્ન ઈન્ડિયા' નામનું એક પુસ્તક લખી ઘણી માહિતી આપી.

રાજસ્થાનના ચારણો ભાટો અને અન્ય જાણકાર માણસો પાસેથી માહિતી મેળવી 'રાજસ્થાન' નામનો ગ્રંથ કર્નલ ટૉડે લખ્યો એણે સૌરાષ્ટ્રનો પ્રવાસ પણ કર્યો અને 'ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન્ડિયા' નામનો એક ગ્રંથ ઈ.સ ૧૮૬૭ માં પ્રસિદ્ધ કર્યો તેમાં પણ એણે જ્યાં ગયા ત્યાંના લોકોને છીને વિગતો લીધી, પણ જેનને પૂછવામાં આવ્યું તેમની પ્રામાણિકતા કેટલી છે એ જણાયું નથી.

ઈ.સ ૧૮૮૧ માં જેમ્સ બર્જેસે રેટાત્સિ અને મણિરામ ગોવિંદરામની સહાયથી 'તારીખે સોરઠ'નું ભાષાંતર કર્યું, પરંતુ એમાં ઉપયોગી ભાગો છોડી દીધા અને ભાષાંતર પણ અશુદ્ધ હતું.

એણે ઈ.સ. ૧૮૭૬ માં 'ઍન્ટિક્વિટીઝ ઑફ કાઠિયાવાડ ઍન્ડ કચ્છ' લખી આ દેશના પુરાવિદોને માહિતી અને માર્ગદર્શન આપતો ગ્રંથ પ્રદર્શિત કર્યો. એણે પણ કેટલીક સમજફેરની ભૂલો કરેલી, પણ એ શક્ય હતી. ડૉ. હસમુખ સાંકળિયાએ એ સુધારી લીધી છે.

મિ. ડી. એ. બ્લેઇને બાબરિયાવાડ–ઉંડસરવૈયાવાડ ઉપર લખ્યું અને એ બધાનો આધાર લઈ જૂનાગઢના વલ્લભજી આચાર્ય, મણિશંકર કિકાણી, બજીભાઈ મણિશંકર, હરિદાસ બિહારીદાસ દેસાઈ વગેરેની મદદ લઈ ઈ.સ. ૧૮૮૧ માં કાઠિયાવાડ ગૅઝેટિયરનું સંપાદન કર્યું તથા એનું ઈ.સ. ૧૮૮૬ માં કવિ નર્મદાશંકરે ભાષાંતર કર્યું.

આ ગૅઝેટિયર લખતાં પહેલાં મેજર વૉટ્સને હિન્દી અધિકારીઓને આ કાર્ય માટે નિયુક્ત કરેલા, એક પ્રશ્નપત્ર પણ તૈયાર કરેલો ને સૌરાષ્ટ્રના પ્રત્યેક રાજ્યને મોકલેલો. રાજ્યના દીવાનોએ તાલુકામાં મોકલ્યો અને વહીવટકારોએ ગામડાંઓના પટેલ–તલાટીઓને મોકલ્યો, જેનો એમણે એમનાં જ્ઞાન અને ચારિત્ર્ય પ્રમાણે ઉત્તર આપ્યો, જેનું સંકલન થતાં થતાં અંતે રાજકોટ પહોચ્યું અને ત્યાં જે વિદ્વાનો–અધિકારીઓ બેઠા હતા તેમણે ઠીક લાગ્યું તે લઈ લીધું.

આ ઉપરથી એ વાત સ્પષ્ટ થશે કે જે અંગ્રેજ અમલદારોએ આપણા ઇતિહાસના આલેખનનો પ્રારંભ કર્યો તેમજ વિશ્વવિદ્યાલય કે કૉલેજની કોઈ કેળવણી ન હતી તેમને આપણી ભાષાનું જ્ઞાન ન હતું અને આપણે ત્યાં એ સમયે આજે છે તેટલા સુશિક્ષિત વિદ્વાનો ન હતા, ન પુસ્તકો હતાં, ન પુરાવિદ્યા કે અભિલેખશાસ્ત્ર જેવી વિદ્યાઓના અભ્યાસ થતા, એ સમયે જે કહેવાતા વિદ્વાનો કે લોક–કવિઓ વગેરે એમને મળ્યા તેઓના કહ્યા ઉપરથી એમણે આલેખન કર્યું. બાજી વાત એ છે કે ઈ. સ. ૧૮૮૦–૧૮૯૦ પછી આજે લગભગ એકસોથી વધારે વર્ષો વહી ગયાં છે એ દરમ્યાન આપણી યુનિવર્સિટીઓમાં વિદ્વાન અધ્યાપકો, અન્ય લેખકો, સંશોધકો, અભિલેખશાસ્ત્રીઓ, પુરાવિદો થયા, અનેક અપ્રાપ્ય પુસ્તકો સુલભ થયાં, વિવિધ સમયની ખુકળ મુદ્રાઓ મળી આવી, અનેક ઉત્ખનન થયાં તેમાંથી અનેક અવશેષો મળ્યા, સરકારે પણ એ માટેનાં ખાતા ખોલ્યાં. આમ આ રીતે સો વર્ષ પહેલાં જે માન્યતાઓ હતી, જે વિધાનો સ્વીકૃત અને સ્થાપિત થઈ ગયાં હતાં તેમાં પ્રબળ પરિવર્તન આવ્યું. આપણા પ્રખર વિદ્વાનોએ અપાર સંશોધન કર્યું અને લેખો અથવા પુસ્તકો આપણને આપ્યાં એમ છતાં એમનાં જ્ઞાન અનુભવ અને શ્રમની ઉપેક્ષા કરી આપણે એમ કહીએ કે વૉટ્સન વૉકર વિલ્બરફોર્સ–બેલ કે લી ગ્રાન્ડ જૅકબ કહે તે વેદવાક્ય એ બરાબર નથી, *

ઠે. ઓજસ, સરદારચોક, જૂનાગઢ–૩૬૨૦૦૧

---

* સૌરાષ્ટ્ર–કચ્છ ઇતિહાસ–પરિષદના જૂનાગઢ, ૬ ઠ્ઠા જ્ઞાનસત્રમાં રજૂ થયેલો નિબંધ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતમાં જ્ઞાતિસુધારાની સમસ્યા : અવરોધક પરિબળો*

ડૉ. રમેશકાંત ગો. પરીખ

ઓગણીસમી સદી આપણા દેશ માટે આશાઓ અને સંઘર્ષની બની રહી. પશ્ચિમના દેશોના સંપર્કના પરિણામે પશ્ચિમી સાહિત્ય અને વિજ્ઞાનના અભ્યાસથી આપણી નબળાઈઓ છતી થવા લાગી. રાજકીય અને આર્થિક ક્ષેત્રે તથા સામાજિક સંબંધોમાં નવો ફેરફાર થવા લાગ્યો. આમ નવા સંબંધો પ્રસ્થાપિત થવાની પ્રક્રિયાથી હિંદુસમાજ સુધારાવાદ અને પુનર્જીવનના વળાંક-બિંદુએ આવીને ઊભો રહ્યો. ગુજરાતમાં શિક્ષિત અને પ્રબુદ્ધ લોકો સમાજમાં પ્રવર્તતા પ્રણાલિકાવાદ વહેમવાદ અને સનાતનપણાને તિરસ્કૃત નજરે જોતા અને આધુનિક સમયના પડકારો ઝીલવા માટે હિંદુ સમાજે બદલાવું જોઈએ એવી વિચારસરણી ધરાવતા થયા, પરંતુ આવા પ્રબુદ્ધ શિક્ષિતોમાં પણ પરિવર્તન દાખલ કરવાનાં માધ્યમો વિશે એકરાગ ન હતો. એક જૂથ તો જૂની પ્રણાલીઓ અને સંસ્થાઓ ટકાવી રાખવાના મતનું હતુ.[1]

જેમને 'સુધારાવાદીઓ' તરીકે ઓળખવામાં આવ્યા છે તે દલપતરામ, નર્મદ, કરસનદાસ મૂળજી વગેરેએ નવા અંગ્રેજ શાસકોના ઉદારવાદને આવકાર્યો, સમાજજીવનમાં પ્રવેશેલાં અને પ્રવર્તતાં દૂષણોની નાબૂદી ન થાય તો સમાજમાં વિકાસ થશે નહિ એવી દૃઢ માન્યતા એઓ ધરાવતા થયા હતા, જ્યારે મણિલાલ નભુભાઈ, ગોવર્ધનરામ ત્રિપાઠી, ઈચ્છારામ દેસાઈ અને અંબાલાલ સાકરલાલ જેવા પુનરુદ્ધારકો પ્રાચીન પ્રણાલીઓ અને સંસ્થાઓની તાકાતમાં દૃઢ માન્યતા દર્શાવી, આ સંસ્થાઓમાં જ નવો પ્રાણ પૂરી સમાજનાં દૂષણ નાબૂદ કરવાની માન્યતા ધરાવતા હતા.[2] આદ્ય સુધારક તરીકે સ્વામી સહજાનંદના અને સ્વામી દયાનંદના કાર્યને પણ ખ્યાલમાં રાખવું જોઈએ.

૧૯ મી સદીના આરંભમાં સમાજસુધારા માટેની ચળવળનો આરંભ 'માનવધર્મસભા'વાળા દુર્ગારામ મહેતાજી હતા. મહેતાજીએ જંતરમંતર અને વિધવાપુનર્લગ્નની સમસ્યા પર આકરા પ્રહાર કર્યા. એમની આવી વિરોધી ચળવળની અસર ગુજરાતના અન્ય સામાજિક વિચારકો અને સુધારાવાદીઓ પર પડી.

ઓગણીસમી સદીના આરંભમાં જ્ઞાતિ, સંયુક્ત કુટુંબ, ધર્મ અને અન્ય સામાજિક સંસ્થાઓથી વ્યક્તિના જીવનનું ઘડતર થતું.[3] જન્મથી સમાજમાં વ્યક્તિનું સામાજિક સ્થાન નક્કી થતું. સમય જતાં જ્ઞાતિઓમાં પણ પેટા-જ્ઞાતિઓની સંખ્યા વિપુલ પ્રમાણમાં વધતી ગઈ અને સામાજિક માળખાની ઇમારતને જોઈ પરદેશીઓ પણ ગૂંચવાડામાં પડી જતા.[4] ગુજરાત જ્ઞાતિઓથી વિશેષ સભર એવી ભૂમિ છે એમ પણ નોંધાયું છે.[5] આપણે જાણીએ છીએ તેમ વ્યવસાય કે ધંધા, આંતર-ભોજન અને આંતર-લગ્ન જેવી બાબતોમાં પોતાનાં રૂઢિચુસ્ત વલણ નક્કી કર્યાં હતાં. એનું પાલન જ્ઞાતિની વ્યક્તિએ કરવું પડતું. એનો ભંગ કરે તો વ્યક્તિને જ્ઞાતિ બહાર મૂકવાની સજા કરવામાં આવતી. નોંધનીય બાબત એ છે કે રાજ્ય એ સંબંધમાં કોઈ દરમ્યાનગીરી ન કરતું. દરેક વ્યક્તિને સ્વધર્મ અને સ્વભાવની બાબતમાં સ્વતંત્ર રીતે વર્તવા કોઈ ટેકો કે પ્રોત્સાહન અપાતાં નહિ.[6] જ્ઞાતિનાં

* સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ (સુરત)ના ઉપક્રમે 'ગુજરાતમાં સમાજસુધારણાની દિશા, સમસ્યા અને ઉકેલ' વિષય પરનો પરિસંવાદ, જે તા. ૧૬-૧૭/૧૨/૮૭ ના રોજ યોજવામાં આવ્યો તે પ્રસંગે રજૂ કરેલો નિબંધ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધારાધોરણ પ્રમાણે વ્યક્તિને રહેવું પડતું કે વર્તવું પડતું. સંયુક્ત કુટુંબ એ એવી એક સંસ્થા હતી કે જે એના સભ્યોની આર્થિક સામાજિક ધાર્મિક અને સાંસ્કૃતિક જરૂરિયાતો પર ધ્યાન આપતી અને એનું નિયમન કરતી. ૭

## જ્ઞાતિમાં સુધારણાના પ્રયાસ : દૃષ્ટિપાત

નર્મદે સમાજસુધારણાના ક્ષેત્રમાં જે પ્રદાન આપ્યું તે પછીના સમયમાં ગાંધીજી સિવાય કોઈ પણ પુરુષે એના જેટલું સુધારણાનું કાર્ય કર્યું નથી, એવો અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે કે જે સાચો છે.૮ નર્મદની માન્યતા હતી કે હિંદનું નિર્માણ રાષ્ટ્ર તરીકે કરવું હોય તો જાતિભેદ તોડવો અનિવાર્ય છે અને એ ૧૮૬૦–૬૧ માં જાતિભેદ તોડનારી સંસ્થામાં ઘણું કરીને 'પરમહંસ સભા' નામની ધર્મસભામાં જોડાયો હતો. સમાજની વિવિધ દૂષણો, જેવાં કે ભૂતપ્રેતાદિ વહેમો, સ્પર્શાસ્પર્શના ભ્રામક ખ્યાલ, કરજ કરી જ્ઞાતિરિવાજ પાળવા, વરઘોડાના કોડ, ફટાણાં ગાવાના રિવાજ, મરણ પછીની ક્રિયાઓ, સૂતક પાળવાની પ્રથા, કાણ કૂટવી અને મૂછો પાળવાના રિવાજ, વિધવાઓને અબોટિયાં પહેરાવી જમાડવાની પ્રથા, બાળલગ્ન વગેરે સામે લેખો કે કાવ્યો લખીને નર્મદે ઝુંબેશ ચલાવી હતી.

કરસનદાસ મૂળજી કે જેમનું સ્થાન નર્મદયુગના લેખકોમાં ગણનાપાત્ર છે તેમણે પણ નર્મદની જેમ સમાજમાં પ્રવર્તતાં અનિષ્ટ ડામી દેવા ઝુંબેશ ચલાવી હતી. ૧૮૫૩ માં એમણે "બુદ્ધિવર્ધક હિંદુ સભા"માં પરદેશગમન જવા વિશે પ્રચલિત વહેમો સામે નિબંધ વાંચ્યો હતો. દેવું કરીને ન્યાતો જમાડવી, વરઘોડા પાછળ લખલૂટ ખર્ચ કરવા, હોળીના તહેવારોની અશિષ્ટ ઉજવણી કરવી, ધર્મના નામે ધતિંગો ચલાવવાં, લગ્નપ્રસંગે ગવાતાં અશિષ્ટ ફટાણાં વિશે અને એ ગાનારી સ્ત્રીઓનાં નામ પ્રસિદ્ધ કરવાં જેવી પ્રવૃત્તિઓ કરતાં એમની સામે સમાજમાં જબરજસ્ત ઊહાપોહ થયેલો અને એમને નાત બહાર મૂકવાનો પ્રયત્ન થયેલો, પરંતુ કરસનદાસ અનેક સંઘર્ષોનો જેમ અડીખમ રહ્યા. એમણે માત્ર ઉપદેશ આપવાનું જ નહિ, પણ એનું પાલન પોતાના જીવનમાં પણ કરી બતાવ્યું હતું. એમના ત્રીજી વારના લગ્ન–પ્રસંગે સાસરિયાં તરફથી કહેવડાવવામાં આવેલું કે તમારે જૂના રિવાજ મુજબનો પહેરવેશ પહેરીને આવવું, પણ એ પોતે સાદા પોશાકમાં ગયેલા હતા.

હવે ગાંધીજીનું સમાજસુધારક અને ખાસ કરીને જ્ઞાતિ વિશેનું પાસું જોઈએ. ગાંધીજીએ અસ્પૃશ્યતાનિવારણ, કોમી એકતા, વર્ણપ્રથા, સનાતની હિંદુ, હિંદુધર્મ તથા સ્ત્રીઓનાં સ્થાન અને હક્ક માટે ઘણું લખ્યું હતું અને સુધારા માટે હિમાયત કરી હતી.

ગાંધીજીએ રાજકીય ચળવળ એટલે કે રાજકીય પ્રવૃત્તિઓ સાથે સમાજસુધારાનું કાર્ય પણ હાથમાં લીધું અને એને પોતાના કાર્ય સાથે સંલગ્ન કર્યું. ૧૯૪૨ માં એમણે બેલગાંવના કોંગ્રેસ અધિવેશનના પ્રમુખ તરીકે ભાષણમાં કહેલું કે 'Everything that is absolutely essential for Swaraj is more than merely social work and must be taken up by the Congress.' કોંગ્રેસ એ સામાજિક સુધારણા માટેનો પક્ષ ન હતી એ સુવિદિત છે. ૧૯૨૮ માં ડૉ. એની બિસન્ટે ગાંધીજીને પ્રથમ કક્ષાના સામાજિક સુધારક ગણાવ્યા હતા, પરંતુ ગાંધીજીએ ૧૯૨૯ માં 'સોશિયલ કૉન્ફરન્સ'નું પ્રમુખપદ લેવાનું સ્વીકાર્યું ન હતું. એમણે ખુલાસો આપ્યો હતો કે 'કૉન્ફરન્સ'ના સનાતનીઓ (રૂઢિચુસ્તો) કરતાં મારો સુધારાનો માર્ગ ભિન્ન છે.

વર્તમાન સ્થિતિ જોઈએ તો ઓગણીસમી સદીના મધ્યભાગમાં જે પરિસ્થિતિ પ્રવર્તતી હતી તે વત્તા ઓછા પ્રમાણમાં જુદાં સ્વરૂપ અને પરિમાણમાં આજે પણ પ્રવર્તે છે. પરદેશગમનનો વિરોધ આજે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થતો નથી, પરંતુ જ્ઞાતિના રિવાજો ગ્રામીણ અને શહેરી એવા બે ભાગોમાં જોઈ શકાય. બાળલગ્નોની બદી હજુ પણ નાનાં ગામડાંઓમાં પ્રવર્તે છે. રિવાજોનું આંધળું અનુકરણ કરી બેફામ ખર્ચા થાય છે. લગ્ન અને મરણ પ્રસંગની જ્યાફતો દૂર થઈ નથી. એનો સ્વાંગ બદલાયો છે, પણ એનું અસ્તિત્વ તો ચાલુ જ રહ્યું છે. નાતજાતના ભેદની વાત હજુ પણ અરેરાટી ઉપજાવે તેવી છે. આમ જ્ઞાતિપ્રથા ઘણી રીતે સુધારા માગી લે છે.

જ્ઞાતિ એ સમાજનું ખૂબ જ મહત્ત્વનું અંગ છે. સમાજ પરિવર્તન પામે તો એની અસર જ્ઞાતિપ્રથા પર થાય એ ખૂબ સમજાય તેવી વાત છે. પરિવર્તનના આધારોમાં મનોવૈજ્ઞાનિક (psychological), ભૌતિક (physical), જીવવૈજ્ઞાનિક, સાંસ્કૃતિક (cultural), શોધક વ્યક્તિનું પ્રતિભાયુક્ત વગેરેનો સમાવેશ થાય છે.[૯] મેકાઈવર અને પેજ આમાં 'ટેક્નોલોજિકલ' પરિબળ ઉમેરે છે. આધુનિક સમયમાં ટેક્નોલોજીનું પરિબળ ખૂબ જ મહત્ત્વનું બની રહે છે. આ પરિબળ આપણી પ્રગતિ અને સિદ્ધિનો સ્રોત બની ગયું છે. વિચારોમાં મોટા ફેરફાર થવાથી આદર્શમય પરિવર્તન આવી શકે છે. જાતિઓના સંમિશ્રણથી વસ્તીમાં વધારો કે ઘટાડો સર્જાય છે. અગાઉની પેઢીના રીતરિવાજો ઇત્યાદિનું આંધળું અનુકરણ ન કરવામાં આવે તોપણ એનું અનુસરણ કરી તીવ્ર સ્પર્ધા અને સંઘર્ષ મારફતે પરિવર્તન આવી શકાય છે. કુદરતી આફતો, જેવી કે વાવાઝોડું, અનાવૃષ્ટિ કે અતિવૃષ્ટિ, દુષ્કાળ, જમીનના કસનું ખેંચાઈ જવું વગેરેની અસર પણ થાય છે. સાંસ્કૃતિક પરિબળોમાં વિચારો માન્યતાઓ અને વલણોમાં ફેરફારનો સમાવેશ કરી શકાય.[૧૦]

ગુજરાતમાં જ્ઞાતિવાદના પરિવર્તન કે ફેરફારને ઉપરનાં દર્શાવેલાં પરિબળોના સંદર્ભમાં જોઈ શકાય, પરંતુ આપણા સમયમાં જે અવરોધક પરિબળો છે તેમાં સત્તાલાલસા, ભૌતિક સાધનો–સગવડો કે જેને આપણે ભૌતિક સંસ્કૃતિ પણ કહી શકીએ તે, નિરક્ષરતાનું ચિંતાપ્રેરક સ્વરૂપ અને રાજકીય ક્ષેત્રે 'મત'ના રાજકારણનો સમાવેશ મુખ્યત્વે કરી શકાય.

વિવેકાનંદે કહેલું કે ભારતવર્ષમાં કોઈ પણ ક્ષેત્રે સુધારો જો કરવો હોય તો એ ધર્મના માધ્યમ દ્વારા જ થઈ શકે, પણ આજના સંદર્ભમાં આ મંતવ્ય જ્ઞાતિવાદને લાગુ કરીને તપાસવું અપ્રસ્તુત બની રહે છે, કારણ કે હવે ધર્મનું પ્રાબલ્ય હિંદુ સમાજ અને જ્ઞાતિઓમાં ગઈ સદીની જેમ રહ્યું નથી.

ઔદ્યોગિકીકરણ, વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં અવનવાં સંશોધન, સિદ્ધિઓ અને એનાથી ઉદ્ભવેલી સુવિધાઓ, વૈચારિક ફેરફારો વગેરેને લીધે આધુનિકતાવાદ પ્રસર્યો છે અને એની જ્ઞાતિવાદ પર પ્રત્યાઘાતી અસર પડી છે. આધુનિક લોકશાહીનો ખ્યાલ તેમ આદર્શ એના અમલના કારણે ઉપહાસરૂપ બનેલ છે. ટી. એસ. ઇલિયટે એક વાર કહેલું કે આજનો મનુષ્ય મત આપનાર યંત્ર (વોટિંગ મશીન) બન્યો છે, એ ખૂબ સાચું છે. રાજકારણમાં સત્તાલાલસાને કારણે સમાજમાં દૂષણો ખૂબ પેદાં થયાં છે એમાં જ્ઞાતિવાદ ખૂબ મહત્ત્વનું અંગ બની ગયો છે. અગાઉના સમયની જેમ આંતરજ્ઞાતીય લગ્ન કે આંતરજ્ઞાતીય ભોજનની રૂઢિચુસ્તતા રહી નથી, જન્મજાત પર આધારિત વ્યવસાયનાં બંધન રહ્યાં નથી, ધર્મની બાબતમાં કુલદેવતા કે કુલદેવી વીસરાઈ જવા લાગી છે. જે ધર્માચાર જોવા મળે છે તે બાહ્ય દેખાવ જેવો લાગ્યા વગર રહેતો નથી. ધર્મનાં અભ્યાસ ચિંતન અને એ પ્રમાણેનું આચરણ હવે કલ્પવાનું અઘરું બન્યું છે. જ્ઞાતિવાદ આ બધામાં ટકી રહ્યો છે.

જ્ઞાતિવાદનું જોર લગ્ન કે ધાર્મિક પ્રસંગો કરતાં ચૂંટણીના સમયમાં એની ચરમ સીમાએ પહોંચે છે અને મતના રાજકારણમાં જ્ઞાતિવાદના ધોરણે રાજકીય રમતો, કાવતરાં કે ઊથલપાથલ થતાં દેખાય છે. આ ખૂબ જ ચિંતાપ્રેરક બાબત બની રહે છે. એનાથી સમાજ અને સંસ્કૃતિનાં મૂલ્યોનો હ્રાસ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય છે અને જનજીવન પર વિપરીત અસર પડે છે, તો આ સમસ્યાનો ઉકેલ કઈ રીતે વિચારી શકાય?

જ્યાંસુધી જ્ઞાતિજનો જ નહિ, સમગ્ર સમાજ અને સમગ્ર રાષ્ટ્રના લોકો પણ લોકશાહીની સાચી સમજ તેમ મહત્ત્વ સમજવા અને ઓળખવા જેવી બુદ્ધિ અને શક્તિ ધરાવે નહિ ત્યાંસુધી સુધારાની અપેક્ષા રાખી ન શકાય. એટલે સાચા ઉકેલની બાબતનું મૂળ પાયાના શિક્ષણની અસરકારક વ્યવસ્થા છે. સમાજના લોકો માટે એવી કેળવણી થાય એ ખૂબ જરૂરી છે. ગુજરાતની પ્રજાને પણ આ બાબત આવી જ રીતે લાગુ પડે છે. ગુજરાતમાં જ્ઞાતિવાદ જે જે સ્વરૂપે ભાગ ભજવે છે તેનો અભ્યાસ સ્થાનિક પ્રાદેશિક રાજ્યકક્ષાની કે રાષ્ટ્રકક્ષાની ચૂંટણીઓ યોજાવવાના સમયમાં કરવાથી એનાં આંતરંગ જોવા મળે.

બીજી બાબત તો એ છે કે ગુજરાતમાં આજે પણ વર કે કન્યાની પસંદગીમાં પોતાની જ્ઞાતિનાને સંભવતઃ પ્રથમ પસંદગી અપાતી હોય છે, જોકે પસંદગી માટે જ્ઞાતિબાધ હવે રહ્યો નથી એ એટલું જ સાચું છે. જ્ઞાતિનાં છોકરા છોકરીઓના શિક્ષણ માટે આપવામાં આવતી શિષ્યવૃત્તિઓ, મફત વહેંચવામાં આવતાં અભ્યાસનાં પુસ્તકો, રહેવા-જમવા માટે ચલાવવામાં આવતાં છાત્રાલય કે નવાં બાંધવામાં આવતાં છાત્રાલય એ બધાંમાં જ્ઞાતિવાદની અસરકારકતા દેખાયા વગર રહેતી નથી.

આમ જ્ઞાતિવાદમાં સુધારણાની સામે ઘણાં પરિબળ પડકાર-રૂપ બન્યાં છે, પણ જ્ઞાતિનું રૂપાંતર મૂળભૂત રીતે થતું નથી, માત્ર એનાં બાહ્ય સ્વરૂપ બદલાયેલાં લાગે છે. આ બધું સાચા અને અર્થપૂર્ણ શિક્ષણથી બદલી શકાય એવું લાગ્યા વગર રહેતું નથી.

## પાદટીપો :

૧. દેસાઈ, નીરા, સોશિયલ ચેઈન્જ ઈન ગુજરાત, પૃ. ૮૮
૨. ઉપર્યુક્ત
૩. ઉપર્યુક્ત, પૃ. ૫૪-૫૬
૪. ફોર્બ્સ, એ. કે.-રાસમાલા (એચ. જી. રાલિન્સન સંપાદિત), વો. ૨, પૃ. ૨૩૦; મિરાતે એહમદી, પૃ. ૧૨૮-૧૨૪
૫. બોમ્બે ગેઝેટિયર, વો. ૯ : ગુજરાત પ્રકાશન, પૃ. ૧૨
૬. મજમુદાર, એમ. આર.-કલ્ચરલ હિસ્ટરી ઑફ ગુજરાત, પૃ. ૧૯૧.
૭. કાપડિયા, કે. એમ.-મૅરેઇજ ઍન્ડ ફૅમિલી ઇન ઇન્ડિયા, પૃ. ૩૦
૮. ત્રિવેદી, યશવંત. પરબ, પૃ. ૧૬૨
૯. ગિલીન, જે. એલ. ઍન્ડ જે. પી.-કલ્ચરલ સોશિયોલોજી (૧૯૫૪), પૃ. ૫૬૨
૧૦. મહેતા, જી. આર.-ઇન્ડિયન સોશિયોલોજિકલ પ્રૉબ્લેમ્સ (૧૯૬૯), પ્રકરણ ૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાજમાં નારીનું સ્થાન

[નિબંધ]

કુ. કુસુમ સી. ભગત

આપણો દેશ મહાન સ્ત્રીઓની સંસ્કૃતિનો દેશ છે. રામાયણની સતી સીતા ને મંદોદરી, મહાભારતની દ્રૌપદી અને સતી તારામતી, સાવિત્રી અને અનસૂયાનાં પાત્રો દ્વારા સાબિત થાય છે કે આપણા સમાજે નારીનું મહત્ત્વ સ્વીકાર્યું છે જ. મહાભારત અને કુમારસંભવ કાવ્યોમાં સ્ત્રીને અર્ધાંગના ગણવામાં આવી છે. તદુપરાંત આ જ ધરતી ઉપર મૃત્યુ પામેલ પતિની પાછળ જનાર, પતિને યમદૂત પાસેથી છોડાવતી કહેલી મહાન સ્ત્રી સાવિત્રી થઈ ચૂકી છે, એ વાતથી કોઈ અજાણ છે ખરું ? સ્ત્રીઓ તો શક્તિનો સ્રોત છે, એટલે જ તો પ્રાચીન કાળથી એનું નામ પુરુષોની આગળ હોય છે; જેમકે રાધેશ્યામ સીતારામ લક્ષ્મીનારાયણ વગેરે એકવીસમી સદીમાં પ્રવેશવા થનગની રહેલા આ પુરુષપ્રધાન સમાજને હું પૂછી શકું ખરી કે નારીનું સ્થાન કેટલું. આપણે ઇતિહાસ તપાસીશું તો જણાશે કે ભારતીય નારીએ કદાપિ પોતાના હક્ક માટે બંડ પોકાર્યું નથી. એણે કુટુંબ અને સમાજને દેશહિત ખાતર ધૂપસળીની જેમ સંસારની વેદી પર સળગીને સુવાસ ફેલાવવામાં જ ગૌરવ અનુભવ્યું છે અને એનું સ્થાન મુગટની જેમ જાળવી રાખ્યું છે.

નારી એ સંસારનું મૂલ્યવાન ઘરેણું છે. નારી સંસારની શોભા છે. જો સંસારમાં નારીના હાસ્યની છોળો ન ઊછળતી હોય તો સંસારને વેરાન–ઉજ્જડ બગીચા જેવો યા ધગધગતા રણ જેવો જ કલ્પી શકાય. નારી એ ઝવેરાતનું પણ ઝવેરાત છે. નારીના નયનદીપકોમાં રાહ ભૂલેલા પુરુષ માર્ગ જોઈ શકે છે. કલાકાર માટે નારી કલ્પનામૂર્તિ છે. શિલ્પી માટે નારી જીવંત પ્રતિમા છે. કવિહૃદય માટે નારી કાવ્યદેહી છે. નારી માત્ર હવે ઘરની જ લક્ષ્મી નથી રહી, સમાજસેવિકા બની સમાજના ઉદ્ધાર અને ઉત્થાનના ભગીરથ કાર્યમાં કાર્યરત બની રહી છે.

નારી તો નારાયણી છે, વિશ્વંભરા છે, શક્તિનો સ્રોત છે, એ ખરું, પણ બધી જ નારીઓમાં એ સત્ત્વો–ગુણો નથી હોતા. કોઈ વારાંગના હોય, તો કોઈ વીરાંગના પણ હોય છે. છે તો બંને નારી નારી જ ને ? પરંતુ જમીન–આસમાનનો તફાવત છે. બંને વચ્ચે શબ્દોનું સામ્ય ભલે સરખું જ દેખાતું હોય, કિંતુ અર્થો સરખા નથી. આ જગતમાં જો કોઈ કોમળ હોય તો એ નારી છે. નારીથી જ નર ઊજળા છે અને નારી થકી જ નર જન્મ્યા છે. નારી તો મહાનપણાની એક આબેહૂબ, એક જીવંત પ્રતિકૃતિ છે, શાંત અને સૌમ્યની મૂર્તિ છે.

નારી એટલે કે જે વહાલસોયાં માતા-પિતાની દીકરી, બાંધવની ભગિની, પ્રિયતમની પ્રિયતમા, પતિની પત્ની, નારી વિવિધરૂપોમાં પોતાનું અગ્રગણ્ય સ્થાન શોભાવે છે. વિશ્વનાં તમામ વિષોને પી જઈ, અમૃતમય બની શીતળ ચાંદનીની જેમ શીતળતા અર્પી રહી છે. ક્યાં પેલા સૂર્યના અગનગોળા જેવો પુરુષ અને ક્યાં આ શીતળ ચાંદની જેવી સ્ત્રી ! સ્ત્રી એક સુગંધિદાર પુષ્પ છે કે જે પુરુષના બાગને ખુશબૂમય બનાવે છે. ટોમ્સ ફ્યૂરના જણાવ્યા પ્રમાણે 'પુરુષ પતંગ છે, જ્યારે ગગનમાં વિહરાવનારી દોરી એ સ્ત્રી છે. એ પુરુષને કાર્ય કરવા પ્રેરે છે. નારી એ પુરુષની જીવનસંગિની અને થાકેલા હૃદયનો વિસામો છે.'

આધુનિક સમાજમાં નારી સામાજિક ક્ષેત્રે પ્રગતિની હરણફાળ ભરી રહી છે અને પુરુષ સાથે ખભે ખભા મિલાવી, તમામ ક્ષેત્રમાં પ્રવેશી, પુરુષ–સમોવડી બની છે. સ્ત્રીજાગૃતિના રચનાત્મક કાર્યક્રમો ગાંધીજીની રાહબરી હેઠળ શરૂ થયા, પરિણામે સ્ત્રીઓ જાહેરજીવનમાં સ્થાન પામી. શ્રીમતી રમાબહેન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાનડે અને કર્વેના પ્રતાપે સેંકડો નારી પોતાના પગ પર ઊભી રહેવા જેટલી સ્વતંત્ર બની. રાજા રામમોહનરાયે 'સતીપ્રથા' બંધ કરાવી સ્ત્રીઓમાં સાક્ષરતા ને સ્વતંત્રતા ખીલવવાનો ફાળો આપ્યો. "સ્ત્રી અને પુરુષ એ તો સંસારરથનાં બે પૈડાં છે" એ મહાન આદર્શની વાત કરનાર ભારત દેશમાં હજીયે વીસમી સદીના અંતમાં પણ કેટલીક સ્ત્રીઓની દયાજનક હાલતમાં સુધારો થયો નથી જ. લાખો સ્ત્રીઓ હજી પણ ઘરની ચાર દીવાલો વચ્ચે નિરક્ષરતા અને અજ્ઞાનના ઘોર અંધકારમાં અટવાઈ, પશુવત્ જીવન જીવી ગુલામીની જંજીરમાં જકડાયેલી છે. પુરુષ જ એનો અધિપતિ છે, આ વાત હજીયે પુરુષના મનમાં ઘર કરી રહેલ છે જ, તેથી જ સંસાર કડવો બની જાય છે.

'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા:' આ ઉક્તિ ગોખતાં ગોખતાં ઘણી બધી પેઢીઓ કાળની ગર્તામાં પોઢી ગઈ તોયે આજના અખબારમાં ઊડતી નજરે પણ જોવા મળશે કે દેશના કોઈક ખૂણે કોકિલાએ કાં તો કૂવો પૂર્યો હશે, કોક બળી મરી હશે, તો કોકે ગળે ફાંસો ખાઈ છુટકારો મેળવ્યો હશે. આવું કર્યું ન હોય તો કોઈ સાસુ સસરા દિયર જેઠ ભોજાઈ કે નણંદે શાસ્ત્રોમાં જેનો સ્ત્રી તરીકે ઉલ્લેખ થયો છે તેવા કોઈ જીવને આગ છરી યા ઝેરથી હણી નાખી હશે ? ગળથૂથીમાંથી જ બદમાશ અને મક્કાર આ સમાજ કપાળ અને છાતી તથા બાહુઓ ઉપર હળદર-ચંદનની અર્ચાઓ ચિતરાવીને પોતાની જાતને બ્રહ્માંડમાં સૌથી વધુ પવિત્ર ગણાવતો આવ્યો છે !

આજકાલ આપણા વડીલોને, સમાજના બની બેઠેલા કાજી-સરપંચોને મહિલાઓને સળગાવી મૂકવાનું શૂર ચડ્યું છે. કોઈ સન્નારી પુત્રને જન્મ આપવામાં અક્ષમ છે, કોઈ દરિદ્ર કન્યા પૂરતું દહેજ લઈને નથી આવી, કોઈ ગૃહિણી સરતચૂકથી શાકમાં બમણું નાખવાનું વીસરી ગઈ છે, તો વળી કોઈ ક્યારેક પતિદેવને શરીરસુખ આપવાનો ઇન્કાર કરે છે.–કેટલી બધી અગણ્ય બાબતો છે આ ! આજના પુરુષ-પ્રધાન સમાજના વારસો. એક સામાન્ય જંતુ જેવી સ્ત્રીથી પતિદેવને તકલીફ પડે ? પુત્રવધૂના વાંકે સસરાજીને ગરમાગરમ રોટલીના ફૂલકા ખાવામાં વિલંબ થાય ? નવી સની આવેલી એ પોતાની બાઈડીના વાંકે સાસુજીને પૂજા-પાઠમાં વિઘ્ન આવે ? ફલાણા ગામના પરિવારની પેલી પુત્રવધૂ શું આમ બિન્દાસ બનીને ગામમાંથી પસાર થાય ? મારો, સાલીને સળગાવી જ દો. એક ઓરત થઈને એની આ મજાલ ? સંત તુલસીદાસ પણ મહોર મારી ગયા કે 'ઢોર ગમાર પશુ ઔર નારી યે સબ તાડનકે અધિકારી ' ગૌરી-સમાન સન્નારીની પૂજા કરનારું આ હિંદુસ્તાન ? ગોરી ચામડી જોઈ નથી, સિસોટી વગાડી નથી।

માતૃત્વ ભગિનીત્વ કે પત્નીત્વના તરવનું ઢૂંપણું બાજુએ રાખીને સ્ત્રીના માનવતા સ્વીકારીએ તોયે બસ છે. સ્ત્રી તો કાંઈ કપૂર છે કે દીવામાં ગોઠવી દઈ એને ચાંપી દઈએ એક કાંડી ? શરીરશાસ્ત્રના રીતે એ થોડી નબળી દેખાઈ કે એના ઉપર દમનનો દોર સવાર થઈ ગયો જાણે ! નારીને મા બનાવી, ચરણ તાંસળીએ પ્રેમિકા બનાવી લટ સંવારી આપીએ, ભગિની બનાવી રક્ષા બંધાવીએ ને પત્ની બનાવી કુળદીપક પણ પેદા કરાવીએ, પણ એને મિત્ર ગણતાં કે માનવ ગણતાં આપણું કુળ લજવાય ! સન્નારીના અસ્તિત્વની ફરતે સતત પ્રસ્થાપિત સંબંધોના કાંટાળા વાડ બનાવીને આદમી (પુરુષ) હંમેશા આખલાની અદાથી બહાર ફરતો રહ્યો છે. સન્નારીને તો એણે સંબંધોના ચોકડામાં જકડી જ રાખી છે, જ્યારે પોતે સ્વૈરવિહાર માટે હંમેશાં મુક્ત રહ્યો છે. આખો દિવસ હાલું ગોતર કરીને દમ તોડતી પત્નીને બેશરમ પતિદેવ કયા મોઢે ઠપકો આપે છે એની સમજ નથી પડતી. સ્વચ્છંદી પુરુષ પત્નીને પડોશી પુરુષ સાથે વાતો કરવાનો પણ અધિકાર આપતો નથી. કેટલું નાલાયક છે એ જંતુ કે જેને વિધાતાએ નર કહ્યું છે। સ્ત્રી ઊર્જાનું પ્રતીક છે, પણ આપણા અણઘડ વ્યવસાયી કસાઈ સમાજે એની આસમાને સ્પર્શવા મથતી રાખ ઉપર સતત એની ગંદી હથેળી દબાવી દીધી છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ છતાં નારીનું ધીરે ધીરે સ્વતંત્રતામાંથી સ્વચ્છંદતા તરફનું પ્રમાણ વધતું જાય છે એ વાત પણ ચોક્કસ છે. પોતાનાં મહાનપણુંને પૂજનીયતા ગુમાવી રહી છે. પશ્ચિમી દેશોની ફેશનો ભારતીય નારીને બહેકાવી વિનાશને નોતરી રહી છે. પવિત્ર સંબંધને કલંકરૂપ હોય તેવા સંબંધ અસ્તિત્વમા આવે છે. શું આ વંટોળિયો નારીજીવનને સુરક્ષિત રાખી શકશે ખરો ? પ્રેરણા પ્રેમ અને સુખ દેનારી ઓ નારી ! તું જો કેવળ વિલાસનું પાન કરાવીશ તો વાત્સલ્ય અને વીરતાનું અમૃતપાન પછી કોણ કરાવશે ? હવે તો એ જ જોવું રહ્યું કે આવા ભયંકર દાવાનળ સામે નારી નારાયણી બની પૂજનીય બની રહેશે.

પુરુષપ્રધાન સમાજમાં નારીને કચડી રહેલા હે પુરુષો ! તમારે સંનારીઓને પૂરા કદના માનવી તરીકે સ્વીકારવી જ રહી. સાવધાન ! તમે યાદ રાખજો કે એ નારી જાગશે તો તમારી સંસારની સુવર્ણ લંકા બળીને ભસ્મીભૂત થઈ જાય તો એમાં શંકાને કોઈ સ્થાન નથી, માટે નારીનાં વિવિધ સ્વરૂપોને ઓળખી, સમજી એમાં રહેલાં પ્રેમ સત્ય અને ધર્મના જય કાજે પ્રખર મિત્રસ્વરૂપે નિહાળીને, ચાહીને, અનોખા બંધને બાંધી, જીવન સાર્થક કરી, સંસારનો ગુલશન મહેકાવનારી, પ્રતાપી મુત્સદ્દી અને જીવનચિંતક એવા પુરુષપ્રધાન સમાજને સાર્થક કરવા પુરુષોના નામની આગળ લાગેલા શબ્દ 'શ્રી' અર્થાત્ શક્તિને સાર્થક કરીએ અને ભારતીય સંસ્કૃતિને ચોતરફ ખીલવીએ એ જ અભ્યર્થના.

ઠે. સરદાર પટેલ રોડ, ટેલિસ્ટારની બાજુમાં, બિલિમોરા–૩૯૬૩૨૧

---

## નવા થનારા ગ્રાહકોને વિનંતિ

"પથિક"ના ગ્રાહક હવેથી ઑક્ટોબર જાન્યુઆરી એપ્રિલ અને જુલાઈ એ ચાર મહિનાઓમાંથી ગમે તે મહિને થઈ શકાશે. બાર મહિનામાંથી ગમે તે મહિનેથી ગ્રાહક થવાનું હવે અમલમાં નહિ રહે. "પથિક"નું વર્ષ ઑક્ટોબર મહિનાથી શરૂ થતું હોઈ અમારે માટે વધુ સગવડ ભરેલું તો ઑક્ટોબર માસથી છે. આમ છતાં શાળાઓ અને કૉલેજોને માટે એઓના બજેટની દૃષ્ટિએ જુલાઈથી પણ થઈ શકાશે.

ગમે તે માસથી આ અગાઉ થયેલા ગ્રાહકો અપવાદ–રૂપે તે તે માસથી ચાલુ રહેશે જ. એમને ઉપરનો નિયમ બંધન નહિ કરે.

તંત્રી

---

સ્થાપના તા. ૧૧–૧૦–૧૯૨૭ ફોન : મૅનેજર : ૫૫૮૩૫૦, જનરલ : ૫૫૩૨૧

# ધી બરોડા સિટી કો–ઓપરેટિવ બૅન્ક, લિ.

રજિ. ઑફિસ : સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા–૩૯૦૦૦૧

શાખાઓ : ૧ સરદારભવન જ્યુ. બાગ પાસે, ટે. નં. ૫૪૧૮૨૪. ૨. વાડી પથ્થરગેટ પાસે, ટે. નં. ૫૪૧૯૩૧. ૩. ફતેગંજ ચર્ચની સામે, ફો નં. ૩૨૯૬૬૪. ૪. કારેલીબાગ પુરુષ અધ્યાપન પાઠશાળા સામે, ટે. નં. ૬૪૮૧૨

બૅન્કમાં દરેક પ્રકારનું બૅન્કિંગ કામકાજ કરવામાં આવે છે.

પ્રમુખ : કીકાભાઈ પી. પટેલ

મૅનેજર : કાંતિભાઈ ડી. પટેલ મંત્રી : ચંદ્રકાંતભાઈ ચુ. પટેલ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# Look for the elephant if you're in the building business.

**Now good news for builders and contractors. For good quality cement that makes buildings last and last. Use Elephant Brand Cement from Saurashtra Cement and Chemical Industries, Ltd.**




**Choose from ordinary Portland cement or Pozzolana Portland cement. Both carry the ISI mark.**

RANAVAV-360 560 (Gujarat)
Gram : 'SUCCESS', Ranavav
Tele. 21497/98/99, 21529, 21785
Telex : 166-222 SHRI IN

AHMEDABAD OFFICE :
602, 6th Floor,
Chinubhai Centre, Ashram Road,
AHMEDABAD-9 : Tele. No. 78372

**SAURASHTRA CEMENT & CHEMICAL INDUSTRIES, LTD.**


મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૧૨-૧૯૮૯
મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
પૂઠું : ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only